RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 427 Dt. 13-09-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# એકતરફી ટેરિફ કે આર્થિક દબાણ નહીં ચાલે

## બ્રિક્સ સમિટમાં 'નવી દિલ્હી ડિક્લેરેશન' સર્વસંમતિથી પાસ : ટેરર ફંડીગ પણ રોકાશે




નવી દિલ્હી, તા.૧૨

નવી દિલ્હીમાં યોજાયેલી BRICS સમિટના અંતે સભ્ય દેશોએ સર્વસંમતિથી ઐતિહાસિક 'નવી દિલ્હી ઘોષણાપત્ર' પસાર કર્યું છે. આ ઘોષણાપત્રમાં વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા એકતરફી ટેરિફ અને આર્થિક પગલાં સામે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ છે. WTOના નિયમો વિરુદ્ધના પગલાંની નિંદા કરતા, આંતરરાષ્ટ્રીય વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ માટે સંવાદ અને કૂટનીતિ પર ભાર મૂકવામાં આવ્યો છે. પરમાણુ યુદ્ધના જોખમો સામે પણ સાવચેતી જણાવાઈ છે.

નવી દિલ્હી ખાતે આયોજિત BRICS સમિટના અંતે સભ્ય દેશોએ સર્વસંમતિથી ઐતિહાસિક ગયૂ ઉયહવશ Declaration જાહેર કર્યું છે. આ જોઈન્ટ ડિક્લેરેશનમાં વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા એકતરફી ટેરિફ અને બળજબરીપૂર્વકના આર્થિક પગલાં સામે અત્યંત ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વિશ્વ વેપાર સંગઠનના નિયમોનું ઉલ્લંઘન કરતા ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો સામે સ્પષ્ટ ચેતવણી આપતાં BRICS જૂથે આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ લેવાતા એકતરફી પગલાંઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે.આ સાથે જ, ઘોષણાપત્રમાં વિશ્વભરમાં ચાલી રહેલા સંઘર્ષોને રોકવા માટે મૂળ કારણોને ઉકેલવા, પરમાણુ યુદ્ધના વધતા જોખમો સામે સાવચેત રહેવા અને તમામ આંતરરાષ્ટ્રીય વિવાદોને માત્ર સંવાદ, સલાહ-મસલત અને કૂટનીતિ દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

વિશ્વ વેપાર સંગઠનના નિયમોની વિરુદ્ધ જઈને લાદવામાં આવતા એકતરફી ટેરિફ અને નોન-ટેરિફ નિયંત્રણો વૈશ્વિક વેપારને વિકૃત કરે છે. આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને લાદવામાં આવતા એકતરફી આર્થિક પ્રતિબંધો અને બળજબરીપૂર્વકના પગલાં અસ્વીકાર્ય છે. કોઈપણ વૈશ્વિક સમસ્યાના ઉકેલ માટે તમામ દેશોના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ અને હિતોનું સન્માન કરતી બહુપક્ષીય પદ્ધતિ જ શ્રેષ્ઠ છે. ઘોષણાપત્રમાં સભ્ય દેશો વચ્ચે સ્થાનિક ચલણ અને ક્રોસ-બોર્ડર પેમેન્ટ નેટવર્કને વ્યવહારુ બનાવવા માટે ચાલી રહેલી વાટાઘાટોને ચાલુ રાખવા પ્રોત્સાહિત કરવામાં આવી છે, જેથી આંતરરાષ્ટ્રીય વેપાર કોઈપણ એક કરન્સી કે પશ્ચિમી પેમેન્ટ સિસ્ટમના જોખમથી મુક્ત રહી શકે.

યુદ્ધ નિવારણ અને મૂળ કારણોનો ઉકેલઃ સંઘર્ષો અને તણાવ અટકાવવાના પ્રયાસો ઝડપી બનાવવા પડશે. આ માટે વિવાદોની મૂળ વજહ સુધી પહોંચી તેને ઉકેલવા પર ભાર મુકાયો છે.સંવાદ અને કૂટનીતિ જ એકમાત્ર માર્ગઃ આંતરરાષ્ટ્રીય સ્તરના તમામ વિવાદોનું શાંતિપૂર્ણ સમાધાન માત્ર વાતચીત, પરસ્પર સલાહ-મસલત અને રાજદ્વારી માર્ગે જ થવું જોઈએ. એકતરફી ટેરિફ અને આર્થિક દબાણનો વિરોધઃ ઠઝઘના નિયમોનું ઉલ્લંઘન કરતા એકતરફી ટેરિફ અને નોન-ટેરિફ નિયંત્રણો સામે ઊંડી ચિંતા દર્શાવાઈ છે. આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ જઈને લાદવામાં આવતા આર્થિક દબાણવાળા પગલાંઓની આકરી નિંદા કરાઈ છે. પરમાણુ જોખમ સામે સાવચેતીઃ વિશ્વમાં વધી રહેલા પરમાણુ ટકરાવ અને ન્યુક્લિયર ખતરા સામે સભ્ય દેશોએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

ક્રોસ-બોર્ડર પેમેન્ટ સિસ્ટમઃ સભ્ય દેશો વચ્ચે સ્થાનિક ચલણમાં વ્યવહારો સરળ બનાવવા અને સીમા પાર પેમેન્ટ્સને સરળ કરવા વ્યવહારુ પગલાં લેવા પર ચર્ચા ચાલુ રહેશે. ગ્લોબલ સપ્લાય ચેઈન અને ઊર્જા પ્રવાહઃ વૈશ્વિક વેપાર, સપ્લાય ચેઈન અને એનર્જીની અવિરત હેરફેર જાળવી રાખવા BRICS દેશો સાથે મળીને કામ કરશે.

### ગ્લોબલ સાઉથ હવે નિયમો નક્કી કરશેઃ વડાપ્રધાન મોદી

સમિટના આ સત્રના સમાપનમાં વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ગ્લોબલ સાઉથને માત્ર નવી ટેકનોલોજી મેળવવામાં જ નહીં, પરંતુ તેના વૈશ્વિક નિયમો અને માપદંડો નક્કી કરવાની પ્રક્રિયામાં પણ સમાન ભાગીદારી મળવી જોઈએ.

## UNSCમાં સુધારો હવે નહિ ટાળી શકાય : મોદી

ભારત મંડપમમાં યોજાયેલી BRICS સમિટ ૨૦૨૬માં ઙ્ખ મોદીએ વૈશ્વિક કૂટનીતિનો દબદબો બતાવ્યો. તેમણે UNSC સુધારાને તાત્કાલિક લાગુ કરવા અને સમયમર્યાદા સાથે જોડવાની માંગ કરી. PM મોદીએ ગ્લોબલ સાઉથ માટે સમાન ભાગીદારી અને 'બ્રિક્સ સુધારણા રોડમેપ'નો પ્રસ્તાવ મૂક્યો હતો અને તમામ સભ્ય દેશો એકતરફી યુદ્ધ વિરુદ્ધ સહમત થયા હતા. બ્રિક્સ શિખર સંમેલન દ્વારા ભારતે ફરી એકવાર વિશ્વમાં પોતાની કૂટનીતિનો દબદબો દેખાડ્યો છે. આ સમિટના સ્વાગત સંબોધનમાં જ પીએમ મોદીએ દુનિયાને સ્પષ્ટ સંદેશ આપતા સાફ કહ્યું કે- UNSCમાં સુધારાને હવે ટાળી શકાય તેમ નથી. પીએમ મોદીએ ભારત મંડપમમાં બ્રિક્સ સભ્ય દેશોના પ્રતિનિધિઓના સ્વાગત બાદ પોતાના સંબોધનમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ(UNSC)માં સુધારાની મોટી માંગ ઉઠાવી. પીએમ મોદીએ પ્રતિનિધિત્વની વાત કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં રિફોર્મ હવે વધુ સમય ટાળી શકાય નહીં. તેને નિશ્ચિત સમયમર્યાદા સાથે જોડવું પડશે, નાણાકીય સંસ્થાઓમાં પણ પ્રમાણસર ભાગીદારી વધે, મતાધિકારની તાકાત વધે અને ગ્લોબલ ગવર્નન્સમાં પણ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે ગ્લોબલ સાઉથ વૈશ્વિક સંગઠનોમાં તો આગળની હરોળમાં છે, પરંતુ નિર્ણયો લેવાની પ્રક્રિયામાં પાછળની હરોળમાં જ રહે છે. આપણે 'વિશેષાધિકારના પિરામિડ'ને 'ભાગીદારીના મંચ'માં બદલવો પડશે. જ્યાં દરેક દેશનો અવાજ સાંભળવામાં આવે, દરેક સભ્યની ભાગીદારી હોય, અને દરેક પ્રયાસના કેન્દ્રમાં માનવતાની પ્રગતિ હોય. આ માટે, મારો પ્રસ્તાવ છે કે આપણે મળીને વૈશ્વિક શાસનમાં સુધારા માટે ૧૦ પ્રસ્તાવ તૈયાર કરીએ, જેને આપણે આગામી શિખર સંમેલન સુધી 'બ્રિક્સ સુધારણા રોડમેપ'નું રૂપ આપવાનો પ્રયાસ કરી શકીએ. મોદીએ આગળ કહ્યું કે-'આ રોડમેપ તૈયાર કરતી વખતે આપણે ૩ મુખ્ય સ્તંભો પર ધ્યાન આપવું પડશેઃ પ્રતિનિધિત્વ, જવાબદારી અને નિયમો બનાવવા. સૌથી પહેલાં, પ્રતિનિધિત્વ વિશે, હું એ કહેવા માંગુ છું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાઓમાં હવે વધુ વિલંબ કરી શકાય નહીં. આ બાબતમાં, લેખિત વાતચીતને એક નિશ્ચિત સમય-મર્યાદા અને સ્પષ્ટ, નક્કર પરિણામો સાથે જોડવી જોઈએ. તેવી જ રીતે, આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓમાં વોટિંગ પાવર, નેતૃત્વના પદો અને નીતિગત પ્રાથમિકતાઓ આજની આર્થિક વાસ્તવિકતાને અનુરૂપ હોવી જોઈએ.'

## ભારત-અમેરિકાની મેગા ડીલઃ સમુદ્રમાં કેબલ નેટવર્ક સુરક્ષિત કરવા મોટો નિર્ણય

ભારત અને અમેરિકાએ સમુદ્રની નીચે પથરાયેલા સંચાર કેબલો (Subsea Communications Cables) ની સુરક્ષા માટે એક નવી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી શરૂ કરી છે. 'TRUST' પહેલ હેઠળ બંને દેશો સમુદ્રના પેટાળમાં પથરાયેલા કેબલ નેટવર્કને સાયબર હુમલાઓ, તોડફોડ અને ભૂ-રાજકીય જોખમો સામે વધુ સુરક્ષિત બનાવવા સાથે મળીને કામ કરશે. વિશ્વનો મોટાભાગનો ઈન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય ડેટા ટ્રાફિક આ જ દરિયાઈ કેબલો દ્વારા સંચાલિત થતો હોવાથી આ પહેલ અત્યંત મહત્વની સાબિત થશે, જેનાથી ડિજિટલ અર્થતંત્ર અને વૈશ્વિક સંચાર વ્યવસ્થાને અભૂતપૂર્વ મજબૂતી મળશે. અમેરિકા અને ભારત વચ્ચે શરૂ કરવામાં આવેલી US-India TRUST (Transforming the Relationship Utilizing Strategic Technologies) પહેલનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે ઊભરતી અને નિર્ણાયક ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવાનો છે. આ પહેલ હેઠળ મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, બાયોટેકનોલોજી ઊર્જા અને અંતરિક્ષનો સમાવેશ થાય છે. ભારતની વ્યૂહાત્મક ભૌગોલિક સ્થિતિ, ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા તેમજ AI અને ક્લાઉડ સેવાઓની સતત વધતી માંગને કારણે ભારત ભવિષ્યમાં વૈશ્વિક સ્તરે 'સબસી કેબલ હબ' બનવાની મોટી ક્ષમતા ધરાવે છે. ભારત અને અમેરિકાએ વૈશ્વિક અંડરસી કેબલ નેટવર્કને વધુ સુરક્ષિત, મજબૂત અને વૈવિધ્યસભર બનાવવા માટે પોતાની ભાગીદારી વધારવાનો નિર્ણય લીધો છે. અમેરિકી દૂતાવાસના જણાવ્યા અનુસાર, આ દરિયાઈ કેબલ વૈશ્વિક ઈન્ટરનેટ, ક્લાઉડ સેવાઓ, ડેટા સેન્ટર અને AI આધારિત અર્થવ્યવસ્થાની મુખ્ય કરોડરજ્જુ છે. બંને દેશો આ નેટવર્કના સંરક્ષણ અને વિસ્તાર માટે સાથે મળીને કામ કરશે.અમેરિકાનું માનવું છે કે, ભારતની ભૌગોલિક સ્થિતિ, ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા તેમજ AI અને ક્લાઉડ સેવાઓની સતત વધતી માંગ તેને વૈશ્વિક સ્તરે એક મુખ્ય 'સબસી કેબલ હબ' (Subsea Cable Hub) બનાવી શકે છે. આ સાથે જ બંને દેશો અઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા સેન્ટર રોકાણ અને આગામી પેઢીની ટેકનોલોજી માટે સપ્લાય ચેઈનને મજબૂત કરવાની દિશામાં એક સંયુક્ત રોડમેપ પણ તૈયાર કરી રહ્યા છે.

**મધ્ય-પૂર્વના ૩ મુખ્ય ઓઈલ માર્ગો-હોર્મુઝ, સાઉદી પાઈપલાઈન અને બાબ-અલ-મંદેબ પર યુદ્ધ-આતંકવાદના વાદળો ઘેરાયા**

# મુખ્ય ઓઈલ સપ્લાયના ૩ વૈશ્વિક રૂટ ઠપ

## ભારત માટે ખતરાની ઘંટડી! શું દુનિયા આર્થિક મંદીમાં ધકેલાશે? : કોઈપણ દેશના અર્થતંત્રને જીવંત રાખવા માટે ઓઈલ અને ગેસ એ લોહી સમાન

નવી દિલ્હી, તા.૧૨

મધ્ય-પૂર્વના ૩ મુખ્ય ઓઈલ માર્ગો - હોર્મુઝ, સાઉદી પાઈપલાઈન અને બાબ-અલ-મંદેબ પર યુદ્ધ-આતંકવાદના વાદળો ઘેરાયા છે. ઈરાન સમર્થિત હૂથી વિદ્રોહીઓ યમન નજીક બાબ-અલ-મંદેબ જળમાર્ગ પર કબજો જમાવી જહાજોને નિશાન બનાવી રહ્યા છે. આનાથી વૈશ્વિક ઓઈલ સપ્લાય ખોરવાતા પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે. ભારતની આયાત-નિકાસ પર ગંભીર અસર થશે અને મોંઘવારીનો ભયાવહ ઉછાળો આવશે તેવી દહેશત સેવાઈ રહી છે.



કોઈપણ દેશના અર્થતંત્રને જીવંત રાખવા માટે ઓઈલ અને ગેસ એ લોહી સમાન છે. કલ્પના કરો કે આ લોહીને પહોંચાડતી મુખ્ય નસો જ અચાનક બંધ થઈ જાય તો શું થાય? આજે સમગ્ર વિશ્વ બરાબર આવી જ એક ભયંકર પરિસ્થિતિના ઉંબરે ઊભું છે. મધ્ય-પૂર્વમાંથી દુનિયાભરમાં ઓઈલ પહોંચાડતા ૩ સૌથી મહત્ત્વના માર્ગો પર યુદ્ધ અને આતંકવાદના કાળા વાદળો ઘેરાયા છે. જો આ માર્ગો લાંબા સમય સુધી બંધ રહ્યા, તો માત્ર અમેરિકા કે યુરોપ જ નહીં, પરંતુ ભારતના સામાન્ય માણસના ઘરનું બજેટ પણ ખોરવાઈ જશે. ચાલો, આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અર્થવ્યવસ્થાની આ જટિલ રમતને સરળ શબ્દોમાં સમજીએ.

વિશ્વમાં દરરોજ જેટલું ઓઈલ વપરાય છે, તેનો લગભગ ૩૦% હિસ્સો આ ત્રણ મુખ્ય રસ્તાઓ પરથી પસાર થાય છે. હાલમાં આ ત્રણેય રસ્તાઓ ગંભીર ખતરામાં છે. જેમાં હોર્મુઝની સામુદ્રધુની સ્થિતિ જોઈએ તો ઓમાન અને ઈરાન વચ્ચે આવેલો આ દરિયાઈ રસ્તો વિશ્વના કુલ ઓઈલ સપ્લાયનો ૨૦% હિસ્સો સંભાળે છે. ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચેના તણાવને કારણે આ માર્ગ દ્વારા થતો ઓઈલ પુરવઠો હાલમાં ખોરવાયેલો છે. સાઉદી અરેબિયાની 'ઈસ્ટ-વેસ્ટ' પાઈપલાઈનઃ હોર્મુઝના જોખમથી બચવા માટે સાઉદી અરેબિયાએ ૧૨૦૦ કિલોમીટર લાંબી એક પાઈપલાઈન બનાવી હતી. આ પાઈપલાઈન પૂર્વના ઓઈલ ક્ષેત્રોમાંથી ઓઈલ લઈને પશ્ચિમના 'યાનબુ' બંદર સુધી પહોંચાડે છે. આ માર્ગ દ્વારા રોજના ૪થી ૫ મિલિયન બેરલ ઓઈલ (વિશ્વના ૪%થી ૫%)ની નિકાસ થાય મોકલાય છે. પરંતુ, ઈરાક તરફથી થયેલા ડ્રોન હુમલાઓના ડરથી સાઉદી અરેબિયાએ હાલ પૂરતી આ પાઈપલાઈન બંધ કરી દીધી છે. અને બાબ-અલ-મંદેબ સામુદ્રધુની જોઈએ તો આ માર્ગનું નામ અરબી ભાષામાં છે, જેનો અર્થ થાય છે 'ગેટ ઓફ ટીયર્સ' એટલે કે 'આંસુઓનું પ્રવેશદ્વાર'. યમન અને જીબુટી વચ્ચે આવેલો ૨૯ કિલોમીટરની પહોળાઈ ધરાવતો આ જળમાર્ગ લાલ સમુદ્ર ને અરબી સમુદ્ર સાથે જોડે છે. તેમાંથી વિશ્વનું ૫%થી ૧૨% ઓઈલ અને ગેસ (લગભગ ૪થી ૫ મિલિયન બેરલ દરરોજ) પસાર થાય છે. હાલમાં આ જળમાર્ગ હૂથી વિદ્રોહીઓના નિશાના પર છે.

યમનમાં ૨૦૧૪થી ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. ત્યાં 'અંસાર અલ્લાહ' નામનું એક શિયા કટ્ટરપંથી જૂથ સક્રિય છે, જેને દુનિયા હૂથી (Houthi) વિદ્રોહીઓ તરીકે ઓળખે છે. તેમને ઈરાન તરફથી મોટા પાયે આધુનિક હથિયારો, મિસાઈલો અને ડ્રોન પૂરા પાડવામાં આવે છે. તાજેતરમાં હૂથીઓએ સતત ૧૮ કલાક સુધી અત્યંત આક્રમક સૈન્ય અભિયાન ચલાવીને લાલ સમુદ્રના કિનારે આવેલા 'મોચા' બંદર, 'માયુન' ટાપુ અને 'હનિશ' ટાપુઓ પર કબજો જમાવી દીધો છે. હૂથી નેતાઓએ જાહેરાત કરી છે કે હવે બાબ-અલ-મંદેબ તેમના નિયંત્રણમાં છે. ઈરાન તેમનું સાથી હોવાથી જો ઈરાન ધારે તો હવે હોર્મુઝ અને બાબ-અલ-મંદેબ એમ બંને મુખ્ય માર્ગો પરથી પસાર થતા વેપારી જહાજો અને ઓઈલ ટેન્કરોને નિશાન બનાવી શકે છે અથવા તેમને રોકી શકે છે.

જો હૂથીઓ બાબ-અલ-મંદેબમાંથી જહાજોને પસાર ન થવા દે, અથવા જો તેમના હુમલાના ડરથી દરિયાઈ વીમા કંપનીઓ (Marine Insurance) પ્રીમિયમમાં અધધ વધારો કરી દે, તો શિપિંગ કંપનીઓ પાસે માત્ર એક જ વિકલ્પ બચશે - સુએઝ કેનાલ અને લાલ સમુદ્રનો સીધો રસ્તો છોડીને આફ્રિકા ખંડની દક્ષિણે આવેલા 'કેપ ઓફ ગુડ હોપ' વાળો લાંબો રસ્તો પકડવો, જેની સીધી અસર અંતર અને ખર્ચ પર પડશે.સાઉદી અરેબિયાના યાનબુ બંદરથી જાપાન જવા માટે સામાન્ય રીતે ૧૪,૨૦૦ કિલોમીટરનું અંતર કાપવું પડે છે, પરંતુ આફ્રિકા ફરીને જવાથી આ અંતર વધીને ૨૭,૨૦૦ કિલોમીટર થઈ જશે!આ લાંબા રસ્તાને કારણે જહાજોને પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં ૨થી ૩ અઠવાડિયાનો વધુ સમય લાગશે.જહાજનું ઈંધણ, ક્રૂ મેમ્બર્સનો પગાર અને લોજિસ્ટિક્સ ખર્ચ બેવડાઈ જશે.વૈશ્વિક અર્થવ્યવસ્થા અને સામાન્ય લોકો પર ગંભીર અસરો થશે

આ ભૌગોલિક કટોકટીની અસર માત્ર નકશા પૂરતી સીમિત નથી, તે સીધી આપણા ખિસ્સા પર પડશે. કેમ કે,આંતરરાષ્ટ્રીય માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ હાલમાં ૯૯થી ૧૦૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ ચાલી રહ્યા છે. પરંતુ જો સપ્લાય ઘટશે, તો આ ભાવ રોકેટની ગતિએ વધશે. તેનાથી પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ મોંઘા થશે. માત્ર ઓઈલ જ નહીં, પરંતુ દવાઓ, ઈલેક્ટ્રોનિક્સ, અનાજ અને મશીનરી લઈને જતા કન્ટેનર જહાજો પણ આ માર્ગનો ઉપયોગ કરે છે. જહાજો મોડા પહોંચવાને કારણે બજારોમાં વસ્તુઓની અછત ઊભી થશે.પેટ્રોલ-ડીઝલ મોંઘા થવાથી ટ્રાન્સપોર્ટેશન (માલભાડું) મોંઘુ થશે. ફેક્ટરીઓમાં બનતો માલ મોંઘો થશે, જેનાથી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધશે. લોકોની ખરીદ શક્તિ ઘટશે અને ફુગાવો વધશે.ઊર્જા સંકટ અને વધતા ખર્ચને કારણે મલ્ટીનેશનલ કંપનીઓના નફામાં મોટું ગાબડું પડશે. રોકાણકારોમાં ડરનો માહોલ સર્જાતા વૈશ્વિક શેરબજારોમાં મોટો કડાકો આવી શકે છે.

### ભારત માટે આ ખતરો કેટલો મોટો છે?

ભારત ભૌગોલિક રીતે બાબ-અલ-મંદેબથી ૩૦૦૦ કિલોમીટર દૂર છે, પરંતુ આર્થિક રીતે તે આપણી 'દુખતી રગ' છે. ભારતને પણ આ કટોકટીની બહુ મોટી અસર થશે. ભારત પોતાની જરૂરિયાતનું ૮૦%થી વધુ ઓઈલ આયાત કરે છે. મધ્ય-પૂર્વના ઓઈલ જળમાર્ગો ખોરવાઈ જતાં ભારતની આયાત-નિકાસ જે વર્ષ ૨૦૨૩માં દરરોજની ૯.૩ મિલિયન બેરલ હતી એ ૨૦૨૫ના પહેલા છ મહિનામાં ઘટીને માત્ર ૪.૨ મિલિયન બેરલ થઈ ગઈ છે. વૈશ્વિક બજારમાં ક્રૂડના ભાવ વધવાથી ભારતની ઓઈલ કંપનીઓ પર દબાણ આવશે. આ ઘટાડો ભારતના ઊર્જા ક્ષેત્ર માટે ચિંતાનો વિષય છે. નિકાસને મોટો ફટકોઃ ભારત ઓઈલ પેદા કરતો દેશ નથી, પરંતુ વિશ્વનું મોટું 'રિફાઈનિંગ હબ' છે. ભારત ક્રૂડ ઓઈલ ખરીદીને તેને શુદ્ધ કરીને અન્ય દેશોને વેચે છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી યુરોપના દેશો ડીઝલ માટે ભારત પર નિર્ભર બન્યા છે. ઓગસ્ટ, ૨૦૨૬માં યુરોપની ૬૦% ડીઝલની માંગ ભારતે પૂરી કરી હતી. આ ઉપરાંત, ભારત દવાઓ, કપડાં અને એન્જિનિયરિંગનો સામાન યુરોપ મોકલે છે. જો લાલ સમુદ્રનો માર્ગ બંધ થાય, તો મુંબઈથી યુરોપના રોટરડેમ બંદરનું અંતર ૧૫,૭૦૦ કિલોમીટરથી વધીને ૨૩,૦૦૦ કિલોમીટર થઈ જાય, જેને કારણે ભારતને નિકાસ કરવી મોંઘી પડે. સ્પર્ધામાં પાછળ પડવાનો ડરઃ માલવાહક જહાજોને આફ્રિકા ફરીને મોકલવાનો ખર્ચ એટલો મોટો હશે કે યુરોપના બજારોમાં ભારતીય માલ ખૂબ મોંઘો થઈ જશે. પરિણામે, ચીન કે અન્ય દેશોની સરખામણીમાં ભારત પોતાના નિકાસ બજાર (Export Market)માં પછડાટ ખાઈ શકે છે. ભારતની અર્થવ્યવસ્થા માટે ભૂકંપઃ બાબ-અલ-મંદેબ, સાઉદી પાઈપલાઈન અને હોર્મુઝની સામુદ્રધુની પર છવાયેલું આ સંકટ દુનિયાને ફરીથી ૧૯૭૦ના દાયકા જેવી ભયંકર ઓઈલ કટોકટી તરફ ધકેલી શકે છે. ભારતની અર્થવ્યવસ્થા ઊર્જાની આયાત અને માલસામાનની નિકાસ પર ટકેલી હોવાથી આવી કટોકટીભરી સ્થિતિ ભારત માટે મોટા આર્થિક ભૂકંપ સમાન સાબિત થઈ શકે છે. હવે જોવાનું એ રહે છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય આ દરિયાઈ માર્ગોને ખુલ્લા રાખવા માટે કેવા રાજદ્વારી કે સૈન્ય પગલાં લે છે.

### અકસ્માત વળતરના બે કેસમાં જ ૧.૩૦ કરોડ ચૂકવાયા

# મેગા લોક અદાલતમાં ૩૬ હજાર કેસોનો નિકાલ

**મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સી.કે. ચૌહાણના હસ્તે દીપ પ્રાગટ્ય કરી અદાલત ખુલ્લી મુકાઈ**

**પક્ષકારોને સુમેળભર્યા સમાધાન માટે કરાઈ અપીલ : ૬૭૧૫ પડતર અને ૩૦ હજાર જેટલા પ્રિ-લિટિગેશન કેસમાં સમાધાનઃ ફેમિલી કોર્ટના ૧૯૧ પરિવારોના વિખવાદનો આવ્યો અંત**







રાજકોટ, તા.૧૨

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશથી આજરોજ રાજકોટ જિલ્લાની તમામ અદાલતોમાં મેગા લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સી.કે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ લોક અદાલતને તેમના જ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લી મૂકવામાં આવી હતી. આ ઉદ્દઘાટન પ્રસંગે રાજકોટ હેડક્વાર્ટરના તમામ ન્યાયાધીશઓ, બાર એસોસિએશનના પ્રતિનિધિઓ, વિવિધ વીમા કંપની અને બેંકોના અધિકારીઓ, પીજીવીસીએલના અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં વકીલો અને પક્ષકારો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પૂર્ણકાલીન સચિવ કે.બી. રાઠોડે ઉપસ્થિતોને લોક અદાલતના ફાયદાઓ અને તેનાથી કોર્ટનું ભારણ કેવી રીતે ઘટે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સી.કે. ચૌહાણે પણ પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે તે માટે વધુમાં વધુ કેસો સમાધાનથી ઉકેલાય તેવી અપેક્ષા વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે કે, આ લોક અદાલતની સફળતા માટે છેલ્લા બે મહિનાથી પોલીસ અધિકારીઓ, વીમા કંપનીઓ અને ફાઈનાન્સ કંપનીઓ સાથે પ્રિ-સિટિંગ મીટિંગો યોજીને સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

આજની આ મેગા લોક અદાલતમાં પક્ષકારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ જોવા મળ્યો હતો. મોટર અકસ્માત વળતરના કેસોમાં લાખો રૂપિયાના વળતર મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં મૃતક ભવ્ય પ્રવેન્દ્રકુમાર ભારદ્વાજના કેસમાં રામ જનરલ ઇન્સ્યોરન્સ દ્વારા ૬૮ લાખ રૂપિયા અને કાલાવડના રવિભાઈ ચંદ્રેશભાઈ મુંગરાના અકસ્માત ક્લેમ કેસમાં ૬૨ લાખ રૂપિયાનું માતબર વળતર ચૂકવવામાં આવ્યું હતું. આમ, માત્ર આ બે જ કેસમાં ૧.૩૦ કરોડ રૂપિયાનું વળતર પક્ષકારોને અપાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત બેંક અને પીજીવીસીએલ સહિતના અનેક કેસોનો સમાધાનથી નિકાલ કરાયો હતો.

આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, આજની લોક અદાલતમાં હાથ પર લેવાયેલા પેન્ડિંગ કેસોમાંથી ૬૦ ટકાથી વધુ કેસોમાં સમાધાનની શક્યતા સેવાઈ રહી હતી, જે સાર્થક સાબિત થઈ છે. કુલ ૩૬,૭૧૫ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં ૬,૭૧૫ જેટલા કોર્ટમાં પડતર (પેન્ડિંગ) કેસો અને ૩૦,૦૦૦ જેટલા પ્રિ-લિટિગેશન કેસોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ફેમિલી કોર્ટમાં મુકાયેલા ૨૫૮ કેસમાંથી ૧૯૧ કેસોનું સુખદ નિરાકરણ લાવીને પરિવારોને તૂટતા બચાવાયા હતા. આ મેગા લોક અદાલતમાં અંદાજે ૧૨ થી ૧૫ હજાર જેટલા પક્ષકારો અને ૭૦૦ થી ૮૦૦ જેટલા વકીલોએ હાજર રહીને સમાધાન પ્રક્રિયાને સફળ બનાવી હતી.

# પોલીસ અધિકારીઓ સાથે VC બેઠક યોજતા DGP

**સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે, ભીડ નિયંત્રણ, ટ્રાફિક ડાયવર્ઝન સુનિશ્ચિત કરવા આદેશ**



રાજકોટ, તા.૧૨

રાજ્યમાં આગામી ગણેશોત્સવનો પાવન પર્વ શાંતિ, સલામતી અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં આજે તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા તેમજ જિલ્લા પોલીસ વડાશ્રી સાથે એક મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ બેઠકમાં તહેવાર દરમિયાન રાજ્યભરમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટેના એક્શન પ્લાનની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

ગણેશ સ્થાપનાથી લઈને વિસર્જન સુધી કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કડક પગલાં લેવા તમામ જિલ્લા તથા શહેર પોલીસ તંત્રને સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત ગણેશ સ્થાપના તેમજ વિસર્જન દરમિયાન ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ ફોર્સ તૈનાત રાખવા તથા ભીડ નિયંત્રણ, ટ્રાફિક ડાયવર્ઝન અને રાઉન્ડ-ધ-ક્લોક પેટ્રોલિંગની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આદેશ આપવામાં આવ્યા છે.

કાયદો અને વ્યવસ્થા સુચારૂ રહે તે હેતુથી સ્થાનિક શાંતિ સમિતિઓ અને ગણેશ મંડળોના આયોજકો સાથે બેઠકો યોજી પરસ્પર સહયોગ સાધવા સૂચના આપી મુખ્ય વિસ્તારો અને સરઘસ માર્ગો પર સીસીટીવી કેમેરા તથા ડ્રોન દ્વારા સતત ચેકિંગ હાથ ધરવા પણ રાજ્યના પોલીસ વડા દ્વારા નિર્દેશ કરવામાં આવ્યા છે.

સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારા અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા પણ સૂચનાઓ જારી કરવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ, ટીયર ગેસ અને રાયોટ કંટ્રોલ સાધનો સાથે પોલીસ ટુકડીઓ સ્ટેન્ડબાય રહેશે. વિસર્જન રૂટ પર કોઈ અવરોધ ન સર્જાય તે માટે ફાયર બ્રિગેડ, આરોગ્ય અને અન્ય ઈમરજન્સી સેવાઓ સાથે સંકલન સાધી જાહેર જનતાની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપવામાં આવી છે. તહેવાર દરમિયાન શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસ તંત્રને સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# પાંચ કિલોથી વધુ ગાંજા સાથે એક શખ્સ ઝડપાયો

**૨.૬૫ લાખના મુદ્દામાલ કબજે કરતી એ.એન.ડબલ્યુ ટીમ**



રાજકોટ, તા.૧૨

નાના મવા અર્જુન પાર્ક આવાસ યોજનાના ગેટ પાસે આંગણવાડી સામેથી કૌશર મેતર નામના શખ્સને રૂ. ૨.૬૨ લાખના ગાંજા અને મોબાઈલ સહિત કુલ ૨.૬૫ લાખના મુદ્દામાલ સાથે દબોચી લેતી એ.એન.ડબલ્યુ ટીમ; રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશનરશ્રી ચૈતન્ય મંડલીક દ્વારા યુવાધનને નશાથી બચાવવા અને નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા ''SAY NO TO DRUGS'' મિશન અંતર્ગત કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. આ સૂચના અન્વયે એન્ટી નાર્કોટીક્સ વિંગ (ANW) ના પી.આઈ. બી.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ એ.એન.ડબલ્યુ ટીમે બાતમીના આધારે દરોડો પાડીને એક શખ્સને ૫ કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.વી. ધ્રાંગુના માર્ગદર્શન હેઠળ ટીમને બાતમી મળી હતી કે નાના મવા વિસ્તારમાં અર્જુન પાર્ક આવાસ યોજના ક્વાર્ટરના ગેટ અંદર આંગણવાડીની સામે એક શખ્સ માદક પદાર્થ સાથે ઊભો છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ ત્યાં પહોંચીને કૌશર સલીમભાઈ મેતર (ઉ.વ. ૩૬, રહે. અર્જુન પાર્ક આવાસ યોજના, બ્લોક નં.૧, ક્વાર્ટર નં.૧૮૧૨, નાના મવા, રાજકોટ) ને કોર્ડન કરીને પકડી પાડ્યો હતો, જે ફૂટનો વેપાર કરે છે. તેની પાસેથી ૫.૨૪૧ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૨,૬૨,૦૫૦ આંકવામાં આવી છે. આ ઉપરાંત રૂ. ૩,૦૦૦ ની કિંમતનો એક ઓપો કંપનીનો મોબાઈલ પણ કબજે કરવામાં આવ્યો છે. આમ, પોલીસે કુલ રૂ. ૨,૬૫,૦૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એફ.એસ.એલ. અધિકારી શ્રી કે.એમ. તાવિયા દ્વારા આ પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મામલે પકડાયેલા આરોપી કૌશર મેતર વિરુદ્ધ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ ૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# બે ચોરાઉ ઓટો રિક્ષા સાથે મુકેશ ઝડપાયો

**૧.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરી બે ચોરીનો ભેદ ઉકેલતી ભક્તિનગર પોલીસ**

રાજકોટ, તા.૧૨

શહેરમાં વાહન ચોરીના વણઉકેલાયેલા (અનડિટેક્ટ) ગુનાઓ ઉકેલવા પોલીસ કમિશનરશ્રી અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચના અન્વયે કામગીરી કરતા ભક્તિનગર પોલીસે વાહન ચોરી મૂળ રાજમોતીનગર સોસાયટી, ઉપલેટાના અને હાલ ગિરનારી આશ્રમ, દામોદર કુંડની બાજુમાં ફૂટપાથ પર, જૂનાગઢના મુકેશ જીવા મકવાણાને દબોચી લઈને બે રીક્ષા ચોરીના ભેદ ઉકેલી નાખ્યો છે.

ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.ડી.પરમારના માર્ગદર્શન હેઠળ ગુંદાવાડી ચોકી અને સર્વેલન્સ સ્કોર્ડનો સ્ટાફ વાહન ચોરીના ગુના ઉકેલવા પ્રયત્નશીલ હતો. તે દરમિયાન સ્ટાફને મળેલી બાતમીના આધારે સોરઠિયાવાડી પાસે આંબલિયા એગ્ઝ રેસ્ટોરન્ટ સામે રોડ પરથી એક શખ્સ શંકાસ્પદ રિક્ષા સાથે મળી આવ્યો હતો. પોલીસે તેની પાસે રિક્ષાના આધાર પુરાવા માંગતા તે કોઈ પુરાવા રજૂ કરી શક્યો ન હતો. આથી પોલીસે યુક્તિ-પ્રયુક્તિથી



પૂછપરછ કરતા તેણે આ રિક્ષા તા. ૨૭/૦૮/૨૦૨૬ના રોજ ગોંડલ રોડ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ધર્મજીવનદાસ હોસ્પિટલના ગેટ પાસેથી ચોરી હોવાની કબૂલાત આપી હતી.

આરોપીની વધુ પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે તેણે એકાદ વર્ષ પહેલા પણ આ જ જગ્યાએથી બીજી એક રિક્ષા ચોરી હતી, જેને તેણે ખોખડદળ ગામની સીમમાં છુપાવીને રાખી હતી. ભક્તિનગર પોલીસે આરોપી પાસેથી ૧ લાખની જીજે ૩૧ એક્સ ૪૭૭૬ નંબરની અને ૮૦ હજારની જીજે ૦૩ બીયુ ૧૫૬૨ નબરની એમ બે રીક્ષા કબજે કરી તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# દસ ચોરાઉ બેટરી સાથે એકને દબોચી ચાર ચોરીના ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાંચ

**પ્રદ્યુમન નગર, એ-ડિવિઝન, બી-ડિવિઝન અને થોરાળાના ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરતી ડીસીબી**

રાજકોટ, તા.૧૨

રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા આઉટડોર યુનિટના તાળા તોડીને તેમાંથી બેટરીઓની ચોરી કરનાર એક શખ્સને રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ કમિશનરશ્રી અને ઉચ્ચ અધિકારીઓની ઘરફોડ ચોરીના ગુનાઓ તાત્કાલિક ઉકેલવાની સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચના ડીસીબી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.ડી. રાવલિયા અને પી.એસ.આઈ. એસ.એમ. રાણાની ટીમના માણસો પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ માવદિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા



અને તોફીકભાઈ જુણાચને મળેલી સંયુક્ત બાતમીના આધારે ટીમ બનાવીને માર્કેટિંગ યાર્ડ પાછળ, મંછાનગર મફતિયાપરા, શ્રી રામ સોસાયટી શેરી નંબર-૧૧ ના ખૂણે રહેતા રવિ રાજુભાઈ વઢવાણિયાને દબોચી લીધો છે.

પોલીસ દ્વારા પકડાયેલા રવિ પાસેથી પાસેથી ચોરી કરેલી એક્સાઈડ કંપનીની, ૩૦ હજારની ૧૨ વોલ્ટની કુલ ૧૦ બેટરીઓ કબજે કરવામાં આવી છે, આ શખ્સની ધરપકડ સાથે જ રાજકોટ શહેરના કુલ ચાર અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. જેમાં રાજકોટ શહેરના પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન, એ-ડિવિઝન પોલીસ સ્ટેશન, બી-ડિવિઝન પોલીસ સ્ટેશન અને થોરાળા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. ની કલમ ૩૦૩(૨) મુજબ નોંધાયેલા ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવ્યા છે. વધુ માહિતી ઓકાવવા પોલીસે તેમને રિમાન્ડ પર લેવા તજવીજ આદરી છે.

### ડોક્ટરી સારવારની ખામી બદલ

# લેડીકેર હોસ્પિટલને ૭ લાખ વ્યાજ સાથે ચૂકવવા આદેશ

રાજકોટ : રાજકોટના તુલસીભાઈ સોમાભાઈ વારૈયાના ધર્મપત્ની શારદાબેનને સુવાવડ માટે લેડીકેર વિમેન્સ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તબીબી ખામીના કારણે તેમની તબિયત અત્યંત ગંભીર બનતાં અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે તેમનું મૃત્યુ થયું હતું. આ વિવાદમાં ગ્રાહક અદાલતના ન્યાયમૂર્તિ પી.સી. રાવલ અને ટી.જે. સાંબળાએ ૩૦ પેજના જજમેન્ટમાં સુપ્રીમ કોર્ટ અને રાષ્ટ્રીય ગ્રાહક અદાલતના ચુકાદાઓને ધ્યાને રાખી લેડીકેર વિમેન્સ કેર હોસ્પિટલ, ડો. પ્રકાશ પરમાર અને ડો. અવની કન્નરને સારવારમાં ખામી બદલ દોષિત ઠેરવ્યા છે. અદાલતે મૃતકના પતિને વળતર તરીકે રૂ. ૭ લાખ ૯% વ્યાજ સાથે ચૂકવી આપવા આદેશ કર્યો છે. આ સાથે જ ગ્રાહક અદાલતે જલારામ હોસ્પિટલ અને બી.ટી. સવાણી હોસ્પિટલ સામેના આક્ષેપો નકારી કાઢી બંનેને મુક્ત કર્યા છે. આ હોસ્પિટલો તરફે માવાણી લો ફર્મના એડવોકેટ રામજીભાઈ માવાણી, રમાબેન માવાણી અને સહાયકો રોકાયા હતા.

# નવરાત્રી દરમિયાન 'લવ જેહાદ' અટકાવશે હિન્દુ સ્વરાજ સેના

**પોલીસ કમિશનરને પાઠવ્યું આવેદનપત્ર : આધારકાર્ડ કે માન્ય ઓળખપત્રનું ચેકિંગ ફરજિયાત કરવાની માંગ**

રાજકોટ, તા.૧૨

આગામી નવરાત્રી મહોત્સવને લઈને શહેરમાં અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે નવરાત્રી દરમિયાન ગરબા અને ડિસ્કો દાંડિયાના કાર્યક્રમોમાં સનાતની બહેનો-દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 'હિન્દુ સ્વરાજ સેના' દ્વારા રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનમાં ખાસ કરીને 'લવ જેહાદ' જેવી ગેરપ્રવૃત્તિઓ અટકાવવા માટે પોલીસ દ્વારા આગોતરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માંગ કરવામાં આવી છે.

હિન્દુ સ્વરાજ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રોનકભાઈ ઠક્કર દ્વારા આપવામાં આવેલા આ લેખિત આવેદનમાં જણાવાયું છે કે, નવરાત્રી એ સનાતન ધર્મનો પવિત્ર તહેવાર અને માતાજીની ભક્તિનું મહાપર્વ છે. સંગઠને ચિંતા વ્યક્ત કરી છે કે હાલના સમયમાં કેટલાક વિધર્મી યુવકો દ્વારા આવા ગરબા કાર્યક્રમોનો ગેરલાભ લઈને સનાતની બહેનો-દીકરીઓને પ્રેમજાળમાં ફસાવવાના પ્રયાસો કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ આગળ જતાં 'લવ જેહાદ' અને ધર્માંતરણનું ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. સંગઠને સ્પષ્ટતા કરી છે કે તેમની રજૂઆતનો હેતુ કોઈ ચોક્કસ વ્યક્તિ કે સમુદાયને નિશાન બનાવવાનો નથી, પરંતુ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કોઈ અઘટિત ઘટના ન બને તે



માટે પૂર્વતૈયારી કરવાનો છે.

હિન્દુ સ્વરાજ સેનાની મુખ્ય માંગણીઓમાં ગરબામાં પ્રવેશ માટે માત્ર પાસ જ નહીં, પરંતુ આધારકાર્ડ અથવા અન્ય માન્ય ઓળખપત્રની ચકાસણી ફરજિયાત કરવામાં આવે. દરેક ગરબા આયોજકને કાર્યક્રમના પ્રવેશદ્વાર પર આવનાર વ્યક્તિઓ માટે તિલકની વ્યવસ્થા રાખવા માટે જરૂરી સૂચના આપવામાં આવે.આયોજકો દ્વારા પ્રવેશદ્વાર પર જ યોગ્ય આઈડી વેરિફિકેશન અને સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવે.ગરબા અને ડિસ્કો દાંડિયાના સ્થળોએ પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવે અને શંકાસ્પદ વર્તન કરતા લોકો પર નજર રખાય.કોઈપણ વ્યક્તિ દ્વારા યુવતીઓ સાથે છેડતી, પીછો કરવો, ખોટી ઓળખ આપી પ્રવેશ કરવો જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થાય તો તેની સામે તાત્કાલિક ધોરણે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી હોવાની માંગણીઓ કરવામાં આવી છે.એ સિવાય મહિલાઓની સુરક્ષા માટે આ તમામ માર્ગદર્શિકાઓ રાજકોટ શહેરમાં યોજાતા તમામ મોટા ગરબા આયોજકો સુધી પોલીસ વિભાગ દ્વારા પહોંચાડવામાં આવે તેવી પણ માંગ કરી છે. રાજકોટ પોલીસ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને બહેનો-દીકરીઓ કોઈ ગેરપ્રવૃત્તિનો ભોગ ન બને તે માટે સત્વરે અસરકારક પગલાં લેવામાં આવશે તેવી આશા સેવાઈ રહી છે.

## મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે બનાવવામાં આવેલા

# ત્રણ ટાઉનશીપમાંથી ૬ મકાનો સીલ

## ભૂતિયા લાભાર્થીઓ અને ફાળવેલા મકાનો ભાડે આપી દેવાની વધતી જતી ફરિયાદ : આવાસ યોજનામાં ગેરરીતિ સામે મનપા હરકતમાં



રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે બનાવવામાં આવેલા આવાસોમાં થતી ગેરરીતિઓ સામે કડક ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. શહેરમાં ભૂતિયા લાભાર્થીઓ અને ફાળવેલા મકાનો ભાડે આપી દેવાની વધતી જતી ફરિયાદોને પગલે છ્અઈની ફિલ્ડ ટીમ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન શહેરની ત્રણ અલગ-અલગ ટાઉનશીપમાંથી ગેરકાયદેસર રીતે ભાડે આપેલા વધુ ૬ આવાસો ઝડપાઈ જતાં તંત્ર દ્વારા તેને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવ્યા છે.

મનપાની ટીમે શ્રી વિનોબાભાવે ટાઉનશીપ (ભગવતીપરા), શ્રી મહારાણા પ્રતાપ ટાઉનશીપ (રેલનગર) તથા શ્રી જીજાબાઈ ટાઉનશીપ (રૈયાધાર) ખાતે આવેલી આવાસ યોજનાઓમાં સઘન ચકાસણી હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન સ્થળ પર મૂળ લાભાર્થીના સ્થાને અન્ય આસામીઓ કે ભાડુઆતો રહેતા હોવાનું સામે આવ્યું હતું. જેથી નિયમોના ભંગ બદલ મનપાના વિભાગ દ્વારા વિનોબાભાવે ટાઉનશીપમાંથી ૪ મકાનો તેમજ શ્રી મહારાણા પ્રતાપ અને શ્રી જીજાબાઈ ટાઉનશીપમાંથી એક-એક આવાસ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે, રાહત દરે મળતા સરકારી આવાસો મેળવ્યા બાદ કેટલાક લાભાર્થીઓ પોતે ત્યાં ન રહેતા અન્ય લોકોને ભાડે આપીને આર્થિક લાભ મેળવતા હોય છે, જે આવાસ યોજનાના નિયમો વિરુદ્ધ છે. રાજકોટ મહાનગરપાલિકાને અગાઉ પણ આ પ્રકારે મોટા પાયે ગેરરીતિઓ સામે આવતા અનેક વખત આકરી કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આ ઝૂંબેશ વધુ ઝડપી બનાવવાની અને નિયમભંગ કરનારા સામે આકરા પગલાં લેવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભૂતિયા અને ભાડે આપી દેવાયેલા આવાસો સામે સતત આકરાં પગલાં લેવામાં આવી રહ્યા છે, તેમ છતાં પરિસ્થિતિમાં કોઈ મોટો સુધારો જોવા મળતો નથી. મનપાની ફિલ્ડ ટીમો અવારનવાર દરોડા પાડીને ગેરકાયદેસર રીતે રહેતા ભાડુઆતોને ઝડપી પાડે છે અને મકાનો સીલ કરે છે, પરંતુ આટલી કડક કાર્યવાહી છતાં લાભાર્થીઓમાં જાગૃતિનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા વારંવાર લાલ આંખ કરવામાં આવ્યા પછી પણ સરકારી યોજના હેઠળ મળેલા આવાસો ભાડે આપી દેવાની પ્રવૃત્તિ અટકવાનું નામ નથી લઈ રહી, જે હવે મનપા તંત્ર માટે પણ એક સો મણનો સવાલ બની ગઈ છે.

ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પોતાનું ઘરનું ઘર મળે તેવા ઉમદા હેતુથી સરકાર દ્વારા લાખો રૂપિયાના સબસિડી વાળા દરે આવાસોની ફાળવણી કરવામાં આવે છે. પરંતુ અનેક કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે મૂળ લાભાર્થીઓ આ મકાન મેળવ્યા બાદ પોતે અન્યત્ર રહે છે અને સરકારી આવાસને કમાણીનું સાધન બનાવીને ભાડે આપી દે છે.

અગાઉ પણ મનપા દ્વારા સેંકડો આવાસો સીલ કરવાની અને નોટિસો આપવાની કામગીરી કરવામાં આવી ચૂકી છે, છતાં લોકો સુધરવાનું નામ લેતા નથી. શું માત્ર મકાનો સીલ કરી દેવાથી આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે? કે પછી તંત્રએ હવે આકરા દંડની સાથે આજીવન આવાસ રદ કરવા જેવા વધુ સખત કાનૂની પગલાં ભરવાનો સમય આવી ગયો છે? જ્યાં સુધી લાભાર્થીઓમાં સામાજિક અને નૈતિક જાગૃતિ નહીં આવે અને તંત્રનો સજ્જડ ખોફ ઊભો નહીં થાય, ત્યાં સુધી સરકારી યોજનાઓના મૂળ હેતુ સામે આવા જ સવાલો ઊભા થતા રહેશે.

### તાલીમનો સમયગાળો પૂરો થતાં

# રાજ્યના ૧૩ સબ ડિવિઝનમાં નવા પ્રાંત અધિકારીઓની નિમણૂક

## રાજકોટ ખાતે તાલીમ મેળવનાર પ્રશાંત ગોરવીયાળાની ધોરાજી અને જામકંડોરણાના પ્રાંત અધિકારી

રાજકોટ, તા. ૧૨

ગુજરાત વહીવટી સેવા (GAS) વર્ગ-૧ના પ્રોબેશનરી અધિકારીઓની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થતાં રાજ્યના મહેસૂલી તંત્રમાં મોટા પાયે નવા Posting આપવામાં આવ્યા છે. તાલીમનો સમયગાળો પૂરો થતાં જ ૨૪ પ્રોબેશનર્સ પૈકી ૧૩ અધિકારીઓને તાત્કાલિક અસરથી વિવિધ જિલ્લાઓમાં પ્રાંત અધિકારી (સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના અંડર સેક્રેટરી ઋત્વીક સોનાગરા દ્વારા આ સંદર્ભે અધિકૃત ઓર્ડર જારી કરી દેવાયા છે.



આ નિમણૂકોમાં રાજકોટ ખાતે તાલીમ મેળવતા પ્રશાંત ગોરવીયાળાની ધોરાજી-જામકંડોરણાના પ્રાંત અધિકારી તરીકે તૈનાતી કરવામાં આવી છે. તે જ રીતે કચ્છના અક્ષર રમેશભાઈ ઠુમ્મરને લખપત-નખત્રાણા, ખેડાના શ્રીષ્ઠી મયંક શાહને ખેડા, ભરૂચના કલ્પેશકુમાર બલદેવભાઈ ગલીયાને અંકલેશ્વર, બોટાદના તપસ્વી અજીત વાઘેલાને ગઢડા તથા સાબરકાંઠાના રાજેન્દ્ર જોઈતારામભાઈ પટેલને તલોદ-પ્રાંતીજના પ્રાંત અધિકારી બનાવાયા છે. આ સિવાય છોટા ઉદેપુરના સંદિપસિંહ ઝાલાને છોટા ઉદેપુર, તાપીના શુભમસિંઘ રામુસિંઘ રાઠોડને કુંકરમુંડા-નિઝર, ગાંધીનગરના આયુશી દિપકકુમાર પટેલને ગાંધીનગર તેમજ સુરતના મૌસમીબેન પરેશકુમાર પટેલની મહુવા-બારડોલીના પ્રાંત અધિકારી તરીકે વર્ગ-૧નો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તાલીમ પૂર્ણ કરી સીધા જ મેદાનમાં ઉતરેલા આ યુવા GAS અધિકારીઓની નિમણૂકથી સ્થાનિક સ્તરે મહેસૂલી અને વહીવટી કામગીરીને વધુ વેગ મળશે.

# ૨૫૦થી વધુ સાર્વજનિક મંડળોને મંજૂરી

## ગણેશોત્સવની ધામધૂમપૂર્વક તૈયારીઓ વચ્ચે કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર સજ્જ

રાજકોટ, તા..૧૨

રંગિલા રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ મહોત્સવનો પાવન તહેવાર અત્યંત ઉત્સાહ, આસ્થા અને ધામધૂમપૂર્વક ઉજવવાની તૈયારીઓ આખરી ઓપ લઈ રહી છે. આગામી તા. ૧૪/૦૯/૨૦૨૬ના રોજ શહેરમાં વિઘ્નહર્તા શ્રીજીની પ્રતિમાઓની સ્થાપના થવાની છે. ગણેશોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, ટ્રાફિકની સમસ્યા સર્જાય નહીં અને સુરક્ષા સુનિશ્ચિત થાય તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા એક વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. શહેરમાં આયોજિત થતા સાર્વજનિક ગણેશ મહોત્સવો માટે સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત બનાવવામાં આવી છે. અત્યાર સુધીમાં વિવિધ વિસ્તારોના ૨૫૦થી વધુ સાર્વજનિક ગણેશોત્સવ આયોજકો દ્વારા કરાયેલી અરજીઓને ચકાસણી બાદ પોલીસે મંજૂરી આપી દીધી છે, જ્યારે તાજેતરમાં જ ૨૫૦ જેટલા આયોજકો સાથે એક ખાસ બેઠક યોજીને જાહેરનામાના તમામ નિયમો અને ફાયર સેફ્ટીના માપદંડોનું ચુસ્ત પાલન કરવા કડક સુચના આપવામાં આવી છે.



રાજકોટ પોલીસ કમિશનરે ગુજરાત તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા પર્યાવરણ રક્ષણ અંગે આપવામાં આવેલા આદેશો અને સરકારી ઠરાવોને ધ્યાને રાખીને ખાસ ગાઈડલાઈન જાહેર કરી છે. આ માર્ગદર્શિકા મુજબ, કોઈ પણ ધર્મ કે સમુદાયની ધાર્મિક લાગણી દુભાય તેવા ચિન્હો, નિશાની કે વાંધાજનક રૂપ ધરાવતી ગણેશજીની મૂર્તિઓના નિર્માણ, ખરીદ-વેચાણ અને સ્થાપના પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્થાપના % ત્રીજા, પાંચમા, સાતમા, નવમા કે અગિયારમા દિવસે યોજાતી વિસર્જન શોભાયાત્રા માટે પોલીસ પરમિટમાં જે રૂટ મંજૂર કરવામાં આવ્યો હોય, તે જ રૂટ પર સરઘસ યોજી શકાશે અને અન્ય કોઈ પણ બિનઅધિકૃત રૂટ પરથી સરઘસ લઈ જવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. વિસર્જનના તમામ દિવસો દરમિયાન વિસર્જન યાત્રામાં ટ્રાફિક સુચારૂ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ભાવિક ભક્તોની સુરક્ષા અને સુચાલિત આયોજન માટે પોલીસ કમિશનરે પંડાલ નિર્માણ અંગે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ દરેક સાર્વજનિક ગણેશ પંડાલમાં ફરજિયાતપણે યોગ્ય ક્ષમતાવાળા સીસીટીવી કેમેરા ગોઠવવાના રહેશે તથા અગ્નિશામક યંત્રો રાખવા ફરજિયાત બનાવાયા છે, અને અગ્નિશામક સાધનો વિના પંડાલ યોજવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે. પંડાલમાં લાઉડ સ્પીકર વગાડવા માટે સ્થાનિક પોલીસ મથકમાંથી આગોતરી પરવાનગી લેવી પડશે. આ સાથે શહેરના મુખ્ય માર્ગો અને શેરીઓમાં વાહનવ્યવહાર ન ખોરવાય તે માટે આયોજકોને પંડાલ શક્ય હોય તેટલા નાના અને મર્યાદિત કદના રાખવા પોલીસે અનુરોધ કર્યો છે. પોલીસ કમિશનરે રાજકોટની શાંતિ, સલામતી અને કોમી સૌહાર્દ જળવાઈ રહે તે રીતે મહોત્સવ ઉજવવા અપીલ કરી છે અને નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે.

## યુનિવર્સિટીનું સમગ્ર વહીવટી તંત્ર ખોરવાઈ ગયું છે અને ઉચ્ચ શિક્ષણ જગતમાં ભારે અસંતોષ

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વહીવટી વેક્યૂમ

## ઊઈ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મુદત પૂર્ણ થતાં જ ભરતી સહિત અનેક કામો અદ્ધરતાલ

રાજકોટ, તા.૧૨

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એકવાર વિવાદ અને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. ગત ૨૫ ઓગસ્ટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (ઊઈ) અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મુદત પૂર્ણ થઈ ચૂકી હોવા છતાં, હજુ સુધી નવી સમિતિઓની પુનઃરચના કરવામાં આવી નથી. આ નિર્ણયમાં થઈ રહેલા વિલંબને કારણે યુનિવર્સિટીનું સમગ્ર વહીવટી તંત્ર ખોરવાઈ ગયું છે અને ઉચ્ચ શિક્ષણ જગતમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. બોર્ડ ઓફ મેનેજમેન્ટના અભાવે સૌથી મોટો ફટકો શૈક્ષણિક કાર્યને પડ્યો છે. યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં કોન્ટ્રાક્ટ બેઝ પર અધ્યાપકોની ભરતી માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવાઈ ગયા છે, પરંતુ નવી ઈ.સી. અને બોર્ડ દ્વારા અંતિમ મંજૂરી ન મળવાને કારણે ઉમેદવારોને નિમણૂંક પત્રો આપી શકાયા નથી. સત્ર શરૂ થઈ ગયું હોવા છતાં અધ્યાપકો વગર શિક્ષણ કાર્ય પ્રભાવિત થઈ રહ્યું છે, જેને લઈને ઉમેદવારો અને વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા સરકારી વિશ્વવિદ્યાલયોમાં રાજકીય હસ્તક્ષેપ ટાળવા અને પારદર્શિતા લાવવા માટે નવો યુનિવર્સિટી એક્ટ અમલી બનાવવામાં આવ્યો હતો. નિયમ મુજબ મુદત પૂર્ણ થતાં જ તુરંત નવા બોર્ડની રચના થવી જરૂરી છે. પરંતુ સતત વિવાદોમાં ઘેરાયેલી રહેતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નિયમોના પાલન સામે જ પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. નીતિવિષયક નિર્ણયો, નાણાકીય મંજૂરીઓ અને રોજબરોજની વહીવટી પ્રક્રિયાઓ મંજૂરીના અભાવે ઠપ્પ થઈ ગઈ છે. શિક્ષણ ધામમાં સર્જાયેલી આ મડાગાંઠ ક્યારે ઉકેલાશે અને રાજ્ય સરકાર દ્વારા નવા બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના ક્યારે કરવામાં આવશે તેના પર સૌની નજર ટકેલી છે.

યુનિવર્સિટીના વિકાસ કાર્યો અને ભવનોના દૈનિક ખર્ચ માટેની નાણાકીય ફાઈલો અટકી પડી છે.નવા કોર્સ, પરીક્ષા સંબંધી નિર્ણયો અને વિવિધ સમિતિઓની રચના જેવા નીતિવિષયક નિર્ણયો લેવાનું અશક્ય બન્યું છે.



### ઈન્ટરવ્યુ પૂર્ણ છતાં નિમણૂંક અટકી : અધ્યાપકોમાં ભારે કચવાટ

- બોર્ડ ઓફ મેનેજમેન્ટના અભાવે સૌથી મોટો ફટકો શૈક્ષણિક પ્રક્રિયા અને ભરતીને પડ્યો છે.
- કોન્ટ્રાક્ટ બેઝ અધ્યાપકોની અટકાયેલી નિમણૂંકઃ યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોમાં શૈક્ષણિક કાર્ય જાળવી રાખવા માટે કોન્ટ્રાક્ટ આધારિત અધ્યાપકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.
- ઉમેદવારોની કટોકટીઃ ઉમેદવારોના ઈન્ટરવ્યુ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયા છે, પરંતુ નવી ઊઈ અથવા બોર્ડની મંજૂરીની મહોર ન વાગતા નિમણૂંક પત્રો (ઓર્ડર) આપી શકાયા નથી.
- શિક્ષણ પર અસરઃ નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ચૂક્યું હોવા છતાં ભવનોમાં અધ્યાપકોની અછત વર્તાઈ રહી છે, જેના કારણે ઉમેદવારોમાં કચવાટ અને વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર પડી રહી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વિઘ્નહર્તા, વિઘ્નકર્તા

## ગણપતિદાદાના ભક્તો જાણ્યે અજાણ્યે વિઘ્નતર્તા બને છે



પ્રથમ પૂજ્ય દેવ ગણેશજીનો પવિત્ર મહોત્સવ આવે એટલે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. ગજાનન મહારાજને આપણે શ્રદ્ધાથી વિઘ્નહર્તા કહીએ છીએ. તે સર્વે દુઃખ અને સંકટો હરી લેનારા દુંદાળા દેવ છે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં આ ઉત્સવ ખુબ જ ધામધૂમથી ઉજવાય છે.

શેરીએ શેરીએ અને ચોકે ચોકે ગણપતિજીની દિવ્ય પ્રતિમાઓ સ્થાપવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી સાર્વજનિક આયોજનોમાં એક અજીબ સ્પર્ધા શરૂ થઈ છે. ઉત્સવની ભવ્યતા દેખાડવાની ઘેલછામાં શ્રદ્ધા પાછળ ધકેલાઈ રહી છે. આયોજકો ડીજે અને મોટા સ્પીકરો મૂકીને અસહ્ય ઘોંઘાટ સર્જે છે. તીવ્ર ગોકીરાને જ ભક્તિ માની લેવાની ભૂલ થઈ રહી છે. દસ દિવસ સુધી ચાલતા આ અવાજથી વૃદ્ધો, બાળકો અને દર્દીઓ હેરાન થાય છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય ખુબ મુશ્કેલ બની જાય છે.

આ ઉપરાંત રસ્તાઓ રોકીને બનાવવામાં આવતા મંડપોથી ટ્રાફિકની વિકટ સમસ્યાઓ સર્જાય છે. સામાન્ય નાગરિકો કલાકો સુધી રસ્તા પર અટવાઈ રહે છે. ઈમરજન્સી સેવાઓને પણ ભારે હાલાકી ભોગવવી પડે છે. સૌથી દુઃખદ બાબત એ છે કે કેટલાક સ્થળે ઉત્સવના નામે મનોરંજન અને પાર્ટીઓ થાય છે. પવિત્ર મંડપો નજીક અસામાજિક પ્રવૃત્તિઓ અને વ્યસનોની ફરિયાદો પણ ઊઠે છે. ગણેશજી વિઘ્નહર્તા છે, પરંતુ આયોજકોની આ રીતભાતથી તેઓ પોતે જ અન્ય માટે વિઘ્નકર્તા બની રહ્યા છે.

ધાર્મિક લાગણી દુભાવાના ડરે શાસકો અને પોલીસ તંત્ર આંખ આડા કાન કરે છે. કાયદાનું પાલન કરાવવામાં તંત્ર મૌન સેવે છે. સમાજનો મોટો વર્ગ પણ આ બધું જોઈને ચુપચાપ સહન કરી રહ્યો છે. જો કોઈ અવાજ ઉઠાવે તો તેને ધર્મવિરોધી ચિત્રવવામાં આવે છે. આ પરિસ્થિતિ સામાજિક સ્વાસ્થ્ય માટે જરાય યોગ્ય નથી.

આવા સમયે સમાજને સાચો માર્ગ બતાવવાની જવાબદારી ધાર્મિક નેતાઓની છે. સાધુ, મહાત્માઓ, સંતો અને દેશના મોટા કથાકારોએ આગળ આવવું પડશે. તેમણે મંચ પરથી લોકોને સમજાવવું પડશે કે ભક્તિમાં લીન થવું અને ઘોંઘાટ કરવો એ બંને અલગ બાબત છે. સાચી ભક્તિ શાંતિ અને સમર્પણમાં છે, બીજાને પીડા આપવા માં નહીં. જો સંતો માર્ગદર્શન આપશે તો જ આ દૂષણ દૂર થશે. આ ગણેશોત્સવે આપણે શ્રદ્ધા જાળવીએ અને અન્ય માટે વિઘ્નરૂપ ન બનીએ, તેવી ગજાનન મહારાજને પ્રાર્થના.

# ૨૧ કેસ, નકલી પાસપોર્ટ લઈને વિદેશ ભાગી ગયો...

## ભારત પ્રત્યાર્પણ કરાયેલ ગેંગસ્ટર અમૃતપાલ સિંહ કોણ છે?



નવીદિલ્હી, તા. ૧૨

પંજાબ પોલીસની એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સને મોટી સફળતા મળી છે. ઓપરેશન ઈસ્ટર્ન રીચ હેઠળ, એક કુખ્યાત ગેંગસ્ટરને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યું છે. વિદેશમાં રહેતા અમૃતપાલ સિંહ ઉર્ફે અમૃત દાલમ ઉર્ફે ગુરપાલ સિંહને પંજાબ પોલીસ દ્વારા ભારત પરત લાવવામાં આવ્યો છે. અમૃતપાલ નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને ભારત ભાગી ગયો હતો અને મોલ્ડોવામાં તેની ધરપકડ કરવામાં આવી હતી. પંજાબ પોલીસના જણાવ્યા અનુસાર, યુરોપિયન દેશમાંથી પંજાબ પોલીસ દ્વારા આ પહેલું પ્રત્યાર્પણ છે. આ સમગ્ર કામગીરી પંજાબ પોલીસની AGTF અને OFTEC ટીમો દ્વારા કેન્દ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓના સહયોગથી હાથ ધરવામાં આવી હોવાનું કહેવાય છે. પોલીસ રેકોર્ડ અનુસાર, અમૃતપાલ સિંહ સામે પંજાબમાં કુલ ૨૧ ગુનાહિત કેસ નોંધાયેલા છે. આમાંથી ચાર કેસ ટ્રાયલ પેન્ડિંગ છે, જ્યારે ૧૭ કેસ તપાસ હેઠળ છે. તે જગ્ગુ ભગવાનપુરિયાના મુખ્ય હિટમેન તરીકે સેવા આપી હતી. તેને મોલ્ડોવાથી ભારત પરત લાવવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, અમૃતપાલ સિંહ ઓક્ટોબર ૨૦૨૪ ના છેલ્લા અઠવાડિયાની આસપાસ ભારત ભાગી ગયો હતો. તેણે ચંદીગઢથી જારી કરાયેલા નકલી પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો. આ પાસપોર્ટે તેની ઓળખ ગુરપાલ સિંહ તરીકે કરી હતી. ભારત છોડ્યા પછી, તે પહેલા સંયુક્ત આરબ અમીરાત (UAE) ગયો અને પછી, અન્ય ઘણા દેશો થઈને, મોલ્ડોવા પહોંચ્યો.

એવું અહેવાલ છે કે અમૃતપાલ સિંહને ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ઓટાસી રાજ્ય સરહદ દ્વારા યુક્રેનમાં પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે મોલ્ડોવાના અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, પંજાબ પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તેમને ભારત પાછા લાવવા માટે કાનૂની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અમૃત સિંહને અઝરબૈજાનના બાકુથી ટ્રાન્ઝિટ રૂટ દ્વારા ભારત લાવવામાં આવ્યો હતો. પંજાબ પોલીસની ટીમ અને આરોપી આજે સવારે (શનિવાર, ૧૨ જૂન, ૨૦૨૬) નવી દિલ્હીના IGI એરપોર્ટ પર પહોંચ્યા. પંજાબ પોલીસે અમૃતપાલ સિંહના નકલી પાસપોર્ટ અને તેમના સંભવિત ઠેકાણા વિશેની માહિતી કેન્દ્રીય એજન્સીઓ સાથે શેર કરી. તેના આધારે, તેમની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને નોટિસ મેળવવામાં આવી હતી. અમૃતપાલ સિંહને ભારત પાછા લાવવાની કાનૂની પ્રક્રિયા દરમિયાન, કોર્ટે ૨૬ મે, ૨૦૨૬ ના રોજ તેમના પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી. ત્યારબાદ તેમણે આ નિર્ણય સામે અપીલ કરી હતી, પરંતુ ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ, કોર્ટે તેમની અપીલ ફગાવી દીધી હતી. આ સાથે, પ્રત્યાર્પણનો આદેશ અંતિમ બન્યો.

પ્રત્યાર્પણ પ્રક્રિયાને મંજૂરી મળ્યા પછી, પંજાબ પોલીસની ચાર સભ્યોની ટીમ મોલ્ડોવા પહોંચી. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ, ટીમે અમૃતપાલ સિંહને ચિસિનાઉ એરપોર્ટ પર કસ્ટડીમાં લીધો અને તેને પંજાબ પાછો લાવ્યો. તપાસ હેઠળના ૧૭ કેસમાંથી, બટાલામાં સાત, ગુરદાસપુરમાં ચાર, અમૃતસર કમિશનરેટમાં બે, હોશિયારપુરમાં બે, લુધિયાણા કમિશનરેટમાં એક અને SSOC અમૃતસરમાં એક એફઆઈઆર નોંધાયેલ છે. હાલમાં ટ્રાયલ હેઠળના ચાર કેસ બટાલામાં નોંધાયેલા છે. આનો અર્થ એ થયો કે લગભગ બે વર્ષ પહેલાં નકલી ઓળખ અને પાસપોર્ટનો ઉપયોગ કરીને દેશ છોડીને ભાગી ગયેલા અમૃતપાલ સિંહને મોલ્ડોવામાં પકડવામાં આવ્યો હતો. છ મહિનાના લાંબા આંતરરાષ્ટ્રીય ઓપરેશન, કાનૂની પ્રક્રિયા અને પ્રત્યાર્પણ પછી, પંજાબ પોલીસે હવે તેને ભારત પાછો લાવ્યો છે.

# ભારતની પહેલને મોટી સફળતા

## ઝેલેન્સકીએ કહ્યું, પુતિન સાથે વાત કરવા તૈયાર



રાજકોટ, તા. ૧૨

ભારતમાં બ્રિક્સ સમિટ દરમિયાન, યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા સાથે વાતચીત માટે પોતાની તૈયારી જાહેર કરી. શનિવારે પ્રકાશિત એક ઈન્ટરવ્યુમાં, ઝેલેન્સકીએ કહ્યું કે તેઓ મિયામીમાં ૠ૨૦ સમિટમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળવા માટે તૈયાર છે. નોંધનીય છે કે શુક્રવારે રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથેની તેમની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વાતચીત અને રાજદ્વારી ઉકેલ દ્વારા રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા વિશે વાત કરી હતી. જ્યારે બ્રોડકાસ્ટર ડોઇશ વેલેએ યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને પૂછ્યું કે શું તેઓ ડિસેમ્બરની બેઠકમાં પુતિનને મળશે જો બંને નેતાઓને આમંત્રણ આપવામાં આવે, તો તેમણે જવાબ આપ્યો: ''હા, અલબત્ત. આપણે આવવું પડશે. આપણે મળવું પડશે, વાત કરવી પડશે અને નિર્ણયો લેવા પડશે.'' વોશિંગ્ટને તાજેતરમાં રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે લાંબા સમયથી અટકેલા પ્રયાસોને જમ્પ ટ્રિગર કરવાનો પ્રયાસ કર્યો છે, જે હવે તેના પાંચમા વર્ષમાં છે, ગયા સપ્તાહના અંતે યુએસ વાટાઘાટકારો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર મોસ્કો અને કિવની મુલાકાતે આવ્યા હતા.

પુતિન અને તેમના યુએસ સમકક્ષ, ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે યુદ્ધની ચર્ચા પણ કરી હતી જેને ક્રેમલિન ''ખૂબ જ સ્પષ્ટ'' અને રચનાત્મક એક કલાકની ફોન કોલ તરીકે વર્ણવી હતી. ઉઠ સાથેની એક મુલાકાતમાં ઝેલેન્સકીએ કહ્યું કે વિટકોફ અને કુશનરની મુલાકાત એક ''સારા સંકેત'' હતી, અને એ મહત્વનું હતું કે કિવ અને મોસ્કો બંનેએ પણ મુલાકાત લીધી હશે.

આ વર્ષે, યુનાઈટેડ સ્ટેટ્સ મુખ્ય અર્થતંત્રોના ૠ૨૦ જૂથનું પ્રમુખપદ ધરાવે છે, જેમાં ૧૯ દેશો ઉપરાંત ઊઅ અને આફ્રિકન યુનિયનનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં, રશિયન નાણામંત્રી એન્ટોન સિલુઆનોવનું ઉત્તર કેરોલિનામાં ૠ૨૦ બેઠકમાં સ્વાગત કરવામાં આવ્યું હતું, જેના કારણે યુક્રેનના યુરોપિયન સાથીઓમાં અસ્વસ્થતા ફેલાઈ હતી. અને એક રશિયન રાજદ્વારીએ શનિવારે જણાવ્યું હતું કે મોસ્કો આવતા અઠવાડિયે હ્યુસ્ટનમાં ૠ૨૦ ઊર્જા બેઠકમાં કેટલાક અધિકારીઓ મોકલશે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મળવાની ઇચ્છા વ્યક્ત કરી છે. ડિસેમ્બરમાં મિયામી ૠ૨૦ સમિટ સંભવિત બેઠક માટે એક પ્લેટફોર્મ બની શકે છે.

# હુથીઓનો બાબ અલ-મંડેબ પર કબજો

## ભારત માટે તણાવ કેમ વધ્યો? : વૈશ્વિક તેલ અને દરિયાઈ વેપારમાં કટોકટી વધુ તીવ્ર : દેશની આયાત-નિકાસ અને ફૂગાવા પર પડી શકે અસર

નવીદિલ્હી, તા.૧૨

પશ્ચિમ એશિયામાં યુદ્ધે વૈશ્વિક તેલ પુરવઠા સંકટને વધુ વકરી દીધું છે. બે મુખ્ય દરિયાઈ માર્ગો પણ જોખમમાં મુકાયા છે. ઈરાન-યુએસ તણાવને કારણે, હોર્મુઝ સ્ટ્રેટમાંથી શિપિંગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૧૦ સપ્ટેમ્બરના રોજ, હોર્મુઝ સ્ટ્રેટમાંથી ફક્ત સાત જહાજો પસાર થયા હતા, જ્યારે યુદ્ધ પહેલા લગભગ ૧૨૫ વ્યાપારી જહાજોનો દૈનિક ટ્રાફિક હતો. દરમિયાન, યમનના હુથી લડવૈયાઓએ બીજા મુખ્ય દરિયાઈ માર્ગ, બાબ અલ-મંડેબ પર કબજો કર્યો છે. તેઓએ વ્યૂહાત્મક પેરીમ ટાપુ (માયુન ટાપુ) પર પણ કબજો કર્યો છે. આ ૧૩ ચોરસ કિલોમીટરનો ટાપુ બાબ અલ-મંડેબમાં એક મહત્વપૂર્ણ સ્થાન પર સ્થિત છે અને સ્ટ્રેટને વિભાજિત કરે છે.

માયુમ ટાપુ પર કબજો કરવાથી હુથીઓને બાબ અલ-મંડેબમાં એક વ્યૂહાત્મક આધાર મળ્યો છે, જેનાથી આ દરિયાઈ માર્ગ પર શિપિંગની સલામતી અંગે ચિંતાઓ વધી ગઈ છે. જો કે, હુથી પ્રવક્તાએ જણાવ્યું હતું કે સાઉદી અરેબિયા સિવાયના તમામ દેશોના જહાજોને આ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી છે. એક દિવસ પહેલા, સાઉદી અરેબિયાએ અમેરિકાને હુથી બળવાખોરો સામે હુમલો કરવા વિનંતી કરી હતી, પરંતુ ટ્રમ્પે તેમ કરવાનો ઈનકાર કર્યો હતો. અગાઉ, હુથી લડવૈયાઓએ મોચા બંદર પર કબજો જમાવી લીધો હતો અને યમનના સમગ્ર પશ્ચિમ કિનારા પર નિયંત્રણનો દાવો કર્યો હતો. ત્યારથી તેઓ દક્ષિણ તરફ લહજ પ્રાંતમાં આગળ વધ્યા છે.

બાબ અલ-મંડેબ લાલ સમુદ્રને એડેનના અખાત અને આગળ અરબી સમુદ્ર સાથે જોડે છે. આ આશરે ૩૨ કિમી પહોળો દરિયાઈ માર્ગ એશિયાથી યુરોપ જતા જહાજો માટે મહત્વપૂર્ણ છે. આ માર્ગ દ્વારા જહાજો લાલ સમુદ્રમાં પ્રવેશ કરે છે અને પછી ઈજિપ્તની સુએઝ નહેર દ્વારા ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચે છે. આ એશિયા અને યુરોપ વચ્ચે દરિયાઈ વેપાર માટેનો પ્રવેશદ્વાર છે.



વૈશ્વિક વેપારનો આશરે ૧૦-૧૨% અને કન્ટેનર ટ્રાફિકનો આશરે 30% આ કોરિડોરમાંથી પસાર થાય છે. કેપ્લરના ડેટા અનુસાર, જૂન ૨૦૨૬ માં, આશરે ૭.૪ મિલિયન બેરલ પેટ્રોલિયમ ઉત્પાદનો બાબ-અલ-મંડેબમાંથી પસાર થયા હતા, જે વિશ્વના કુલ તેલ ઉત્પાદનના આશરે ૭% છે. યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશન (ઊઈઅ) ના ડેટા અનુસાર, ૨૦૨૬ ના બીજા ક્વાર્ટરમાં બાબ-અલ-મંડેબમાંથી કુલ તેલનો પ્રવાહ દરરોજ આશરે ૮.૧ મિલિયન બેરલ હતો. આમાં દરરોજ ૬.૧ મિલિયન બેરલ ક્રૂડ ઓઇલ અને આશરે ૨ મિલિયન બેરલ પેટ્રોલિયમ ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

સૌથી મોટું જોખમ એ છે કે જો હોર્મુઝ સ્ટ્રેટ અને બાબ-અલ-મંડેબ બંને લાંબા સમય સુધી અસુરક્ષિત અથવા બંધ રહે છે, તો વિશ્વના તેલ અને ગેસ પુરવઠાના લગભગ એક ચતુર્થાંશ ભાગને અસર થઈ શકે છે. આવી સ્થિતિમાં, એશિયા અને યુરોપ વચ્ચે મુસાફરી કરતા જહાજોએ સુએઝ નહેરને બાયપાસ કરીને આફ્રિકાના દક્ષિણ છેડા, કેપ ઓફ ગુડ હોપની આસપાસ ફરવું પડશે. આનાથી એક જ મુસાફરીમાં આશરે ૧૦ થી ૧૪ દિવસનો વધારો થઈ શકે છે. આનાથી જહાજના ઇંધણ અને નૂર ખર્ચ પર સીધી અસર પડશે. ઉદાહરણ તરીકે, મુંબઈથી નેધરલેન્ડ્સમાં રોટરડેમ સુધીની મુસાફરીમાં બમણું અંતર લાગી શકે છે.

## શબ્દ બ્રહ્મ

સદ્ગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### પ્રતિક્રમણ એટલે સંસારી જીવ ફરી એકવાર પોતાનામાં વૈરાગ્ય ભાવનું પ્રાધાન્ય મેળવી પાછો ફરે તે ક્રિયા



અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં ધર્મ બાબતે કોઈ ને કોઈ રીતે આંતરિક વિખવાદ ચાલે રાખે છે, કારણ કે અન્ય દેશમાં મુખ્ય એક ધર્મને લઈને અનુશાસન છે, જ્યારે ભારત એક બિનસાંપ્રદાયિક એટલે કે ધર્મ નિરપેક્ષ છે, અને સર્વ ધર્મમાં માનનારો પણ છે. સનાતન ધર્મનાં જ મુખ્ય ત્રણ ફાંટામાં હિન્દુ બૌદ્ધ, જૈન અને એમ પેટા માર્ગ કે પંથ છે. આપણે ત્યાં પણ શિવપંથી વૈષ્ણવ પંથી અને શાક્ય પંથી જેમ ફાંટા છે.જૈન ધર્મમાં શ્વેતાંબર અને દિગંબર એમ બે મુખ્ય ફાંટા છે. શ્વેતાંબર ધર્મનાં પર્યુષણનાં દિવસો પૂરા થયા, તો દિગંબર જૈનમાં ભાદરવાની પાંચમથી પર્યુષણ શરૂ થાય છે, આ બંને ફાટામાં પણ પાછાં પેટા ફાંટા છે, અને બધાં ફાટામાં પર્યુષણના અંતિમ દિવસે મિચ્છામી દુક્કડમનો તહેવાર ઉજવવામાં આવે છે. જૈનો પોતાના અઠ્ઠાઈ, ચોવીયાર, દીક્ષા, જેવા અઘરા ધાર્મિક વ્રત નિયમો માટે બહુ જાણીતા છે. જૈન ધર્મ અહિંસા, સત્ય,અસ્તેય એટલે કે ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અર્થાત શરીરની પવિત્રતા અને અપરિગ્રહ એટલે કે બિન જરૂરી સંગ્રહ ન કરવો! એમાં વસુ એટલે કે નાણાં, વસ્તુ એટલે કે દ્રવ્ય, અને વ્યક્તિગત વ્યવહારનો વિનિમયમાં વિચારોનાં સંગ્રહની પણ મનાઈ છે. આ સિદ્ધાંતોએ જૈન સંસ્કૃતિને ઘણી રીતે અસર કરી છે, જેમ કે મુખ્યત્વે દૂધ-શાકાહારી જીવનશૈલી તરફ દોરી જવું. પરાસ્પરોપગ્રહો જીવનમ્ એટલે કે આત્માઓનું કાર્ય એકબીજાને મદદ કરવાનું છે. નવકાર મંત્ર તેની સૌથી સામાન્ય અને મજબૂત પ્રાર્થના છે.

જૈન દર્શનશાસ્ત્રમાં શરીર તત્વનો વાસ્તવિક અર્થ એ છે કે શરીર એ મુક્તિ માટેનું માળખું છે, જે છ સત્યથી દ્રઢ બને છે. ચેતના, અચેતન, આશ્રવ, બંધન, સ્મવર, નિર્જરા, અને મુક્તિ. આ ઉપરાંત પાપ પુણ્ય એ બે શ્વતાબંર ફાંટા માં વધુ ઉમેરવામાં આવે છે.

જૈન દર્શનશાસ્ત્રમાં સાચી આંતરદષ્ટિને તત્વમાં શ્રદ્ધા તરીકે ગણવામાં આવે છે. આમ તો જૈન ધર્મનું આધ્યાત્મિક ધ્યેય પણ હિન્દુ જેમ મૌક્ષ એટલે કે મુક્તિ પ્રાપ્ત કરવાનું જ છે. પરંતુ કાળક્રમે દરેક જીવની પવિત્રતા અને ધર્મ નિષ્ઠા એટલી પ્રબળ રહે નહીં તે માટે વધુ ને વધુ સારા કર્મ કરવા પર ભાર મુકાયો છે અને આવા પુણ્ય કર્મનો સંગ્રહ કરીને વધુ સારા પુનર્જન્મ અથવા મુક્તિની નજીક એક પગલું તરફ દોરી જાય છે, એવો ઉપદેશ પણ ખરો.

તીર્થંકર : જૈન ધર્મમાં તીર્થંકર શબ્દ બહુ પ્રચલિત છે અને એનાં દ્વારા જ્ઞાનોપદેશ આપવામાં આવ્યો એનું શ્રમણ પર્યુષણ ના દિવસોમાં દેરાસરોમાં શ્રાવક ભાઈ બહેનો ને આપવામાં આવે છે. જૈન ધર્મ હિન્દુથી અલગ છે, એનાં તત્વ ચિંતનમાં ફરી કોઈ વાર જઈશું અને અષ્ટાંગ યોગના અંગોનું મુખ્ય અંગ ધ્યાન ને કંઈ રીતે જૈનો અનુસરે છે એ જોઈશું પણ આ બંને મુખ્ય ધર્મ સંપ્રદાયના તાણાવાણા એકબીજા સાથે વણાયેલા છે. હિન્દુઓના આદર્શ એવાં ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યા અને જૈનોના મુખ્ય પાંચ તીર્થંકરની કલ્યાણકારી ભૂમિ પણ અયોધ્યા છે. આ તીર્થંકરનું જન્મ માટે માતાનાં ગર્ભમાં આવવું, જન્મનું, દીક્ષા લેવી એટલે કે સંસાર ત્યાગ, કેવળજ્ઞાન એટલે કે મુક્તિ માટે સાધના પંથ નિશ્ચિત કરવો, અને નિર્વાણ, આમ આ પાંચેય સંજોગને ઉત્તમ કલ્યાણકો કહેવાય છે.

પ્રતિક્રમણ : જૈન સંપ્રદાયનો બહુ જ જાણીતો શબ્દ છે. જૈનોમાં પર્યુષણ ને મહાપર્વ કહ્યું છે. આ આઠ દિવસ જૈનો, દેરાસર કે ઉપાશ્રયમાં જઈને પોતાના આ શરીર વડે ધર્મની સાધના, આરાધના, અને ઉપાસના,યથાયોગ્ય રીતે કરે છે. રોજ કોઈ એક મુનિનું, ભગવાન શ્રમણ મહાવીરના જીવનને અને તેના ઉપદેશ દ્વારા, મળેલ જ્ઞાનનું વ્યાખ્યાન થાય છે. શ્રોતાઓ તેને રસપૂર્વક સાંભળે છે. અને કંઈક નિયમો પણ લે છે. હવે પહેલે દિવસે એક ''પ્રતિક્રમણ'' શબ્દ વાપરી તેનો શબ્દાર્થ કહે છે. સંસારી જીવો માટે ગીતામાં પણ કહ્યું છે કે, કર્મ કરવું તે મનુષ્યનો સ્વભાવ છે. અને તે મનુષ્યથી સાહજિકતાથી થવું જોઈએ. પણ જાણે અજાણે જીવથી અમુક વિકર્મો પણ થાય છે. જેનાથી દેહ અશુદ્ધ થાય છે. આત્મા ઢંકાઈ જાય છે, માટે ઈશ્વરનું સ્મરણ કરતા પહેલાં, અને ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે કે, તેને અનુભવવા માટે દેહ શુદ્ધિ આવશ્યક છે. માટે આ રીતે પોતે કરેલ વિકર્મોની માંફી માંગી, એકરાર કરી હવે જીવનમાં ફરી તેવી ભુલ થાય નહી તેની પ્રતિજ્ઞા લઈ, પછી જ જ્ઞાન મેળવવા માટે તે લાયક બને છે. પ્રતિક્રમણ એટલે સંસારી જીવ ફરી એકવાર પોતાનામાં, વૈરાગ્ય ભાવનું પ્રાધાન્ય મેળવી પાછો ફરે તે ક્રિયા. વૈરાગ્ય એ સંસ્કૃત શબ્દ છે. માટે તે આપણી સંસ્કૃતિએ આપેલ છે, અને જીવનમાં જ્યારે પણ કોઈ વસ્તુ કે પદાર્થ પ્રત્યે મોહ જન્મે કે તરત જ તેનો ત્યાગ કરો, ભોગ વિલાસની આ વસ્તુ પ્રત્યે, તમને ક્યારેય મમત્વ નહીં થાય. આ મારો સ્વાનુભવ છે, જૈનો પોતાનાં દરરોજનાં નિયમોમાં પણ ઘણા વિવેક બદ્ધ છે, પણ એ માત્ર નિયમ સંયમ પૂરતું હોવું જોઈએ નહીં, આ ખાવું પીવું અને તે નહીં, એનાથી આગળ જ ધર્મ છે, પણ એક દીક્ષાના નિયમમાં સહમતી નથી. અણસમજું અને અસંતુલિત માનસ ધરાવતો જીવ જ્યારે દીક્ષા લે, ત્યારે શરૂઆતમાં તેને સફળતા પણ મળે, અને સફળતાનો નશો, જ્યારે ઊતરે ત્યારે તે, પોતાની શક્તિનો દુરુપયોગ કરે છે, અથવા દીક્ષા લેવામાં ઉતાવળ કરી એવું પણ લાગે. તંત્રની ઉપાસના કરવા વાળા જૈન તાંત્રિક, વિનાશને નોતરી શકે છે. અને પોતે જે મેળવ્યું નથી, અથવા ભોગવ્યું નથી અને છોડ્યું છે તે પર, બીજા કોઈનો હક્ક નથી તેવું વિચારીને કોઈ કોઈને, હેરાન કરવામાં તેની શક્તિનો દુરુપયોગ પણ કરવા પ્રેરાય શકે છે.

મિત્રો હું જૈન નથી, કે નથી હું બ્રાહ્મણ! આમ તો જન્મથી કે વર્ણથી જ બ્રાહ્મણ કે જૈન થવાય નહીં. પણ આપણે જોયું એમ બ્રાહ્મણો ત્રણ વખત ઈશ્વરને પોતાની દિનચર્યા સાથે જોડીને, પળપળનો હિસાબ આપતાં અથવા તો ઈશ્વરને સાક્ષી બનાવી કર્મ કરવામા આવતું. જ્યારે જૈનો વર્ષમાં પર્યુષણ પર, પણ હું તો નરસિંહ કુળની, નાગરનાં ઘણા અર્થ થાય, પણ મને ગમતો અર્થ એટલે જે ગર વગરનું એટલે ઝેર વગરનું. તો કોઈ મિત્ર બ્રાહ્મણ, કે જૈન હોય તે કોઈ ગેરસમજ ન કરે, અને જો કાંઈ ખોટું લખાયું હોય તો, તેની માટે ક્ષમા યાચું છું. બાકી આ લેખ આજે અહીં મૂકવાનું કારણ એટલું જ છે કે આજે સમાજમાં ધર્મ બાબતે ઘણી બધી ગેરસમજ થઈ છે, અને સમાજને હવે ધર્મની બાબતે પ્રત્યાહાર કરવાની જરૂર છે, અને એ સંદર્ભે સૌને મિચ્છામી દુક્કડમ છે. ધર્મ ગમે તે હોય પણ દરેકનાં હ્રદયમાં મૂળ ભાવ માનવતાનો હોવો બહુ જરૂરી છે, અને સનાતન ધર્મના મૂળ જ માનવતા છે, અને એટલે એ વિશ્વને આજે પણ શાંતિનો પંથ સૂચવે છે.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

બી-ડિવીઝન, તાલુકા પોલીસ, ક્રાઇમ બ્રાંચ પીસીબીની ટીમોના દરોડા

# ૭ સ્થળે જૂગટુ ખેલતાં ૫૩ ખેલીઓ ઝડપાયા

## જુના મોરબી રોડ, કોઠારીયા રોડ, વિષ્ણુનગર, રાધાકૃષ્ણનગર, ભગવતીપરામાં પોલીસ ત્રાટકીઃ સવા બે લાખની મત્તા કબ્જે

રાજકોટ, તા.૧૨

જૂગાર રમવાના શોખીનોએ શ્રાવણીયો જૂગાર રમવાનું ચાલુ જ રાખ્યું છે. શ્રાવણ પુરો થઇ ગયો છતાં જૂગારના શોખીનો હજુ થાક્યા નથી. શહેરમાં સતત જ્યાં જગ્યા માળે તયાં પત્તા રમવા માટે લોકો બેસી જતાં હોય છે. વધુ આવા ૭ દરોડામાં મહિલાઓ સહિત ત્રેપન પત્તાપ્રેમીઓને પોલીસે અલગ અલગ સ્થળેથી પકડી લઇ પોલીસ સ્ટેશનની હવા ખવડાવી હતી. આ ૭ દરોડામાં સવા બે લાખની રોકડ કબ્જે થઇ હતી.

વિગતો જોઇએ તો બી ડીવીઝન પોલીસે જુના મોરબી રોડ પર, ક્રાઇમ બ્રાંચ કોઠારીયા રોડ પર, તાલુકા પોલીસે મવડીમાં માલવીયાનગર પોલીસ, વિષ્ણુનગરમાં પીસીબીએ રાધાકૃષ્ણનગર અને ભગવતીપરામાં દરોડો પાડી કાર્યવાહી કરી હતી. પ્રથમ દરોડાની માહિતી અનુસાર બી ડીવીઝન પોલીસના પીએસઆઇ એચ.એન.જેઠવા, કોન્સ્ટેબલ જગદીશભાઇ વાંક સહીતના સ્ટાફ, જુના મોરબી રોડ પર ગાંધી વસાહત સોસાયટી મેઇન રોડ પર રહેતા સુરેશ મોહનભાઇ રાઠોડના મકાનમાંથી જુગાર રમતા સુરેશ ઉપરાંત ગીરીશ ભનુભાઇ પરમાર(રહે. રોહીદાસ પરા શેરી નં. ૯ કોર્નર કુવડવા રોડ, ધવલ મહેશભાઇ ચાવડા દિપક કાનજીભાઇ પરમાર ( સાગર ગીરધરભાઇ ચાવડા મહેન્દ્ર નાનજીભાઇ દાફડા અશોક જીવણભાઇ પરમાર ( નરેશ નારણભાઇ પરમાર, જીતેન્દ્ર જેન્તીભાઇ ચાવડા, પુષ્પક ઉર્ફે ભુપત હરકાંતભાઇ પરમાર, હીતેશ ઉર્ફે ગોપાલ જયંતીભાઇ ચાવડા અને રાહુલ ધીરજભાઇ ચાવડા રહે. બધા ગાંધી વસાહત સોસા. મેઇન રોડ)ને રૂા. ૪૨, ૨૫૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં તાલુકા પોલીસના એએસઆઇ જે.એમ.સોંદરવા, કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજા સહિતના સ્ટાફે મવડી ગામે સ્મશાન પાસે સુદામા ટાઉનશીપ પાછળ જાહેરમાં જુગાર રમતા હિંમત ભગવાનભાઇ દવે (ઉ.વ.૫૬) વિરેન્દ્ર ચંદુભાઇ રૈયાણી (ઉ.વ.૩૨) પરેશ હિંમતભાઇ દવે (ઉ.વ.૨૬), રસીલાબેન રસીકભાઇ કીયાડા (ઉ.વ.૫૫), દક્ષાબેન હિંમતભાઇ દવે (ઉ.વ.૫૩), રીટાબેન સંજયભાઇ ગૌસ્વામી (ઉ.વ.૪૬) મધુબેન કાળુભાઇ ટાંક (ઉ.વ.૪૬) રહે. બધા સુદામા ટાઉનશીપ, જયશ્રીબેન બકુલભાઇ નીમાવત (ઉ.વ.૫૮) રહે. કૃષ્ણ ટાઉનશીપ, મવડી અને રેખાબેન કાંતીભાઇ મોરી (ઉ.વ.૫૮) રહે. જસરાજનગર સોસાયટી, ૪૦ ફુટ રોડને રૂા. ૨૦,૮૧૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

ત્રીજા દરોડામાં માલવીયાનગરના પીએસઆઇ જે.જે.ગોહીલ, તેમજ પોલીસમેન ચંદ્રરાજસિંહ રાણા સહિતના



સ્ટાફે ૧૫૦ ફુટ રીંગ રોડ પર વિષ્ણુનગર શેરી નં. ૧ માં રહેતા દક્ષાબેન જયંતીભાઇ નનાણીયા (ઉ.વ.૫૫) ના મકાનમાંથી જુગાર રમતા દક્ષાબેન ઉપરાંત રેખાબેન અતુલભાઇ વિસપરા (ઉ.વ.૪૬) રહે. કિશન પાર્ક, ઉમીયા ચોક પાસે, સોનુબેન સચીનભાઇ ભુત (ઉ.વ.૩૧) રહે. ઓરીએન્ટ પાર્ક, જીવરાજ પાર્ક, સપનાબેન પંકજભાઇ પિત્રોડા (ઉ.વ.૩૦ રહે. કિશન પાર્ક ઉમીયા ચોક), ઐશ્વર્યાબેન કેયુરભાઇ નનાણીયા (ઉ.વ.૨૬ રહે. વિષ્ણુનગર ઉમીયા ચોક પાસે), પ્રજ્ઞાબેન અનિલભાઇ ભોરણીયા (ઉ.વ.૪૦ રહે. વિષ્ણુનગર, ઉમીયા ચોક), કૈલાશબેન ભરતભાઇ પિત્રોડા (ઉ.વ.૫૫ રહે. કિશન પાર્ક, ઉમીયા ચોક),દિપ શૈલેષભાઇ ભુત (ઉ.વ.૨૭ રહે. ઓરીઅન્ટ પાર્ક, જીવરાજ પાર્ક) અને ઉમંગ રમેશભાઇ હિન્સુ (ઉ.વ.૨૩ રહે. માણાવદર)ને રૂા. ૨૧,૬૨૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

ચાથા દરોડામાં ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ ડી.પી.ઝાલા, એએસઆઇ યશવંતભાઇ ભગત, હેડ કોન્સ્ટેબલ અમીતભાઇ ટુંડીયા, કરણભાઇ કોઠીવાળ અને કોન્સ્ટેબલ અરવિંદભાઇ ફતેપરા સહિતના સ્ટાફે કોઠારીયા મેઇન રોડ પર નંદા હોલ સામે કેદારનાથ સોસાયટી શેરી નં. ૧ માં રહેતા ભાવેશ ધીરૂભાઇ રાદડીયા (ઉ.વ.૪૪) ના મકાનમાંથી જુગાર રમતા ભાવેશ ઉપરાંત હસમુખ વિઠ્ઠલભાઇ પોકીયા (ઉ.વ.૪૯) રહે. હરીધવા મે.રોડ રામેશ્વર વાડી પાછળ ભવનાથ પાર્ક, રમેશ બાબુભાઇ કાકડીયા (ઉ.વ.૪૮) રહે. રાધેશ્યામ પાર્ક, ગામ કોઠારીયા, સુરેશ ગોરધનભાઇ દેસાઇ (ઉ.વ.૪૪) રહે. પેડક રોડ પાણીના ટાંકા પાસે અવધપુરી સોસા. મે.રોડ, દિપક ગાંડુભાઇ ઠુમ્મર (ઉ.વ.૪૩) રહે. કોઠારીયા રોલેક્ષ રોડ રામેશ્વર સોસા. હિતેષ ગોરધનભાઇ દેસાઇ (ઉ.વ.૪૬) રહે. પેડક રોડ પાણીના ટાંકા પાસે, અવધપુરી સોસા. મે.રોડ) અને અશોક નાનજીભાઇ પરમાર (ઉ.વ.૪૯) રહે. કોઠારીયા મે.રોડ સહકાર રોડ ઘનશ્યામનગર)ને રૂા. ૨૩,૫૫૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા

પાંચમાં દરોડામાં પીસીબીના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફે ભગવતીપરામાં ગાંધી સોસાયટી શેરી નં. ૫ માં રહેતા ભુપત મોહનભાઇ વાસાણી (ઉ.વ.૫૮)ના મકાનમાંથી જુગાર રમતા ભુપત ઉપરાંત ધીરૂ નાગજીભાઇ બાવળીયા (ઉ.વ.૫૫ રહે. શિવશકિત રેસીડન્સી, રંગીલા રોડ, નવાગામ), મેહુલ મનોજભાઇ જાખેલીયા (ઉ.વ.૨૨ રહે. રૂખડીયા ફાટક પાછળ રેલ્વે સ્ટેશન પાછળ), ટપુ નાથાભાઇ લોરીયા (ઉ.વ.૪૮) સાગર મોહનભાઇ સોલંકી (ઉ.વ.૪૨) મુન્ના રાજુભાઇ લોરીયા (ઉ.વ.૨૧), વિજય શામજીભાઇ વાઘેલા (ઉ.વ.૩૬) અને અજય અશોકભાઇ વાજેલીયા (ઉ.વ.૨૯) રહે. બધા દશામા ચોક, રૂખડીયા ફાટક પાસે) ને રૂા.૪૪,૫૦૦ ની રોકડ સાથે પકડી લીધા હતા.

જ્યારે છઠ્ઠા દરોડામાં પીસીબીના હેડ કોન્સ્ટેબલ વાલજીભાઇ જાડા સહિતના સ્ટાફે ૮૦ ફુટ રોડ પર બોલબાલા માર્ગ પર રાધાકૃષ્ણનગર શેરી નં. ૩ માં રહેતા ઘનશ્યામસિંહ ઉમેદસિંહ જાડેજા (ઉ.વ.૫૮) ના મકાનના પાર્કીંગમાં જુગાર રમતા ઘનશ્યામસિંહ ઉપરાંત રાજશી વિરાભાઇ જોટવા (ઉ.વ.૫૨ રહે. દિપ્તીનગર, કોઠારીયા રોડ), મયુર ભીખાભાઇ ભાદરકા (ઉ.વ.૩૭ રહે. ગ્રીન પાર્ક, હુડકો મુળ વાડોત્રા, તા.રાણાવાવ), રોનક જેન્તીભાઇ કાનાણી (ઉ.વ.૩૩) રહે. રૂબી પાર્ક, અવધ ઢાળ, કાલાવડ રોડ, મુળ ફલ્લા, તા.જામનગર), અરજણ દોસાભાઇ ભાટુ (ઉ.વ.૫૪, રહે. સીતારામ સોસાયટી, ૮૦ ફુટ રોડ), સંજય સામતભાઇ બાબરીયા (ઉ.વ.૪૫ રહે. આર્યમાન રેસીડેન્સી, ગોવર્ધન ચોક), મેરામણ અર્જિભાઇ ઝાલા (ઉ.વ.૫૩) રહે. ગોકુલ પાર્ક, કોઠારીયા રોડ) અને દેવાયત રામદેવભાઇ વાળા (ઉ.વ.૭૦) રહે. દર્શન રેસીડેન્સી, નાણાવટી ચોક)ને રૂા. ૬૯,૫૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા. આમ વધુ ત્રેપન પત્તાપ્રેમીઓ પકડાઇ ગયા હતાં.

પોતાના લાભ માટે જાહેર સંપતિને નુકસાન પહોંચાડતા પણ લેભાગુ અચકાતા નથી

# આઇવે પ્રોજેક્ટની પંચાવન બેટરીઓ ચોરી લીધી!

## અલગ અલગ વિસ્તારોમાંથી બેટરીઓ ગૂમ થતાં ગુના દાખલ થયાઃ ક્રાઇમ બ્રાંચે મંછાનગરના શખ્સને દબોચી દસ બેટરી જપ્ત કરીઃ બેટરી ઓગાળી શીશુ વેંચી રોકડા કરતો

રાજકોટ તા. ૧૨

શહેરમાં અનેક એવા લેભાગુઓ હોય છે જે પોતાના સામાન્ય લાભ માટે થઇને જાહેર સંપતિઓને નુકસાન પહોંચાડતા હોય છે. આવી જ કેટલીક ચોરીઓની ઘટના ખુલી હતી જેમાં જુના યાર્ડ પાસે રહેતો એક શખ્સ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઇ વે પ્રોજેક્ટના અલગ અલગ વિસ્તારના પીલોર-થાંભલાઓમાંથી બેટરીઓની ચોરી કરતો હતો. આ શખ્સ બેટરીઓને ઓગાળી તેમાંથી શીશુ નીકળે તેને ભંગારમાં વેંચી રોકડી કરતો હતો. કુલ પંચાવન બેટરીઓની ચોરી કરનારા આ શખ્સ પાસેથી ક્રાઇમ બ્રાંચે દસ બેટરી જપ્ત કરી હતી. આ ચોરીઓ મામલે એ-ડિવીઝન, થોરાળા પોલીસ, પ્રદ્યુમનનગર પોલીસ અને બી-ડિવીઝન પોલીસમાં ગુના દાખલ કરાવાયા હતાં.

વિગતો જોઇએ તો મહાનગરપાલિકાના આઇ-વે પ્રોજેક્ટ હેઠળ શહેરમાં સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે લગાડેલા સીસીટીવી કેમેરાના આઉટડોર યુનિટને નિશાન બનાવી તસ્કરો દ્વારા બેટરીઓની ચોરી કરવામાં આવી હતી. થોરાળા, પ્ર.નગર અને એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી ત્રણ આવી ચોરીની ઘટનામાં અલગ અલગ પોલ પરથી ૩૦ બેટરીઓ ચોરાતાં ગુના દાખલ થયા હતાં. આ ગુનાનો ભેદ ક્રાઇમ બ્રાન્ચે ઉકેલી એક શકમંદને ઝડપી લઇ ૧૦ ચોરાઉ બેટરી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પુછતાછમાં આ શખ્સે બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાંથી પણ આવી બેટરીઓની ચોરી કરી હતી. કુલ પંચાવન બેટરી ચોરી કર્યાનું રટણ કર્યુ હતું.

વધુ માહિતી અનુસાર ગયા મહિનાથી આ મહિનાના સમયગાળા દરમિયાન થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ચુનારાવાડ ચોક, દૂધસાગર મેઇન રોડ પર ફારૂકી મસ્જીદ પાસે કોર્પોરેશનની વોર્ડ ઓફિસ ખાતે લગાડેલા સીસીટીવી કેમેરાનું આઉટડોર યુનિટ શંકાસ્પદ રીતે બંધ જણાયું હતું. તપાસ કરતાં કોઈ અજાણ્યા ચોરોએ આઉટડોર યુનિટનું લોક અને દરવાજો તોડી અંદરથી એક્સાઇડ કંપનીની ૧૨ વોલ્ટની ૩ નંગ બેટરીઓ જેની કિંમત અંદાજે રૂ. ૯,૦૦૦ થાય છે તેની ચોરી કરી લીધાનું બહાર આવ્યું હતું. આ અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં પ્રોજેક્ટ મેનેજર સ્મીતભાઈ જયસ્વાલ અને નેટવર્ક સિક્યોરિટી એન્જિનિયર ભાવેશભાઈ ચીખલીયા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બીજા બનાવમાં પ્ર.નગર પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત જામટાવર ચોક ખાતે લગાડેલા સીસીટીવી કેમેરા પણ બંધ હોવાનું સામે આવ્યું હતું.

તેમણે કહ્યુ કે નવમી તારીખા રોજ તપાસ કરતાં જામટાવર પાસેના આઉટડોર યુનિટના બે લોક તૂટેલા હતા અને દરવાજો ખુલ્લો હતો. ત્યાંથી એક્સાઇડ કંપનીની ૧૨ વોલ્ટની કુલ ૬ નંગ બેટરીઓ જેની કિંમત રૂ. ૧૮,૦૦૦ થાય છે તે ગાયબ હતી. આ બાબતે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં સ્મીતભાઈએ ફરિયાદ નોંધાવી હતી. તેમજ ત્રીજા બનાવમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં તો ચોરોએ એકથી વધુ સ્થળોને નિશાન બનાવ્યા હતા. તા. ૨૦/૬/૨૬ના રોજ માલવીયા આર.કે. સી. ચોક અને જ્યુબેલી ચોક ખાતેથી આઉટડોર યુનિટના લોક તોડી એક્સાઇડ કંપનીની ૧૨ વોલ્ટની ૧૨ નંગ બેટરીઓ કિંમત રૂ. ૩૬,૦૦૦ની ચોરી થઈ હતી.

ત્યારબાદ, તા. ૯/૯ ના રોજ સવારે ગુંદાવાડી સંગણવા ચોક અને ભુપેન્દ્રરોડ વોર્ડ ઓફિસ ખાતે તપાસ કરતાં ત્યાંથી પણ એક્સાઇડ કંપનીની ૧૨ વોલ્ટની ૯ નંગ બેટરીઓ કિંમત રૂ. ૨૭,૦૦૦ની ચોરાયાનું જણાઈ આવ્યું હતું. આ અંગે એ-ડિવીઝન પોલીસમાં ગુનો નોંધાવાયો હતો. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં પણ આવી અનેક બેટરીઓ ચોરાઇ ગઇ હતી.શહેરમાં આરએમસીના મહત્વપૂર્ણ પ્રોજેક્ટના સરકારી સાધનો અને સીસીટીવી કેમેરાની બેટરીઓ ચોરાઈ જવાની આ ઘટનામાં ક્રાઇમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની રાહબરીમાં પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ.એમ. રાણા, પીએસઆઇ વી. ડી. રાવલીયાની ટીમે પીઆઇ એ. એસ. ચાવડાની રાહબરીમાં તપાસ શરૂ કરી ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસના આધારે એક શકમંદ આરોપીને દબોચી લીધો છે અને તેની પાસેથી અલગ-અલગ જગ્યાએથી ચોરાયેલી કુલ પંચાવન બેટરીઓમાંથી દસ બેટરી કબ્જે કરી છે. મંછાનગરમાં રહેતાં રવિ નામના શખ્સની વિશેષ પુછતાછ હાથ ધરાવામાં આવી હતી.



અપમૃત્યુના ચાર બનાવોમાં પરિવારોએ ગુમાવી દીધા સ્વજનો : કારમો આઘાત

# વાડીએ જતા ખેડુતનું હિટ એન્ડ રનમાં મોત

## અજાણ્યો વાહન ચાલક ટુવ્હીલરને ઉલાળી ભાગી ગયોઃ બીજા બનાવમાં સાઢુના ઘરે જમીને નીકળેલા યુવાનને રસ્તામાં જમ ભેટ્યા અકસ્માતમાં મોત : ત્રીજી ઘટનામાં વેલ્ડીંગ કામ વખતે પટકાતાં યુવાનનું અને ચોથા બનાવમાં ઝેર પી જતાં પ્રૌઢનું મૃત્યુ થયું

રાજકોટ તા. ૧૨

વાહન અકસ્માતની ઘાત બે પરિવારને નડી ગઇ હતી. એક આધેડ વાડીનું રખોપુ કરવા જતાં હતાંત્યારે તેના વાહનનને કોઇ અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. આ અકસ્માતમાં આધેડનો જીવ ગયો હતો. બીજા બનાવમાં એક યુવાન સાઢુના ઘરે જમીને પોતાના ઘરે જતો હતો ત્યારે તેનું ટુવ્હીલર સ્લીપ થઇ જતાં તેનું મોત થયું હતું. ત્રીજી ઘટનામાં વેલ્ડીંગ કામ કરતી વખતે પંદરેક ફુટની ઉંચાઇથી પટકાતાં એક યુવાનનો જીવ ગયો હતો. એક પ્રૌઢ ઝેર પી જતાં મોત થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો અમરેલીના ખાંભા તાબેના નાનુડી ગામે રહેતાં રમેશભાઇ લક્ષ્મણભાઇ રાઠોડ નામના પીસ્તાલીસ વર્ષના આધેડનું કુંડલા રોડ પર હિટ એન્ડ રનના બનાવમાં મૃત્યુ થયું છે. તેમના મોટરસાઇકલને પાછળથી અજાણયા વાહને ઠોકરે લેતાં આ બનાવ બન્યો હતો. રમેશભાઇ ગત સાંજે સાતેક વાગ્યે બાઇક હંકારી ઘરેથી વાડીએ મગફળીના પાકનું રખોપુ કરવા જતાં હતાં ત્યારે કુંડલા રોડ પર અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારતાં તેઓ રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેમને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર રમેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ખાંભા પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં વાંકાનેરના સિંધાવદર નજીક ડાયવર્ઝન પાસે બાઇક સ્લીપ થઇ જતાં મુળ એમપીના યુવાનનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. વાંકાનેર સાઢુના ઘરે જમીને પોતે પાંચ દ્વારકા ગામે જતો હતો ત્યારે રસ્તામાં બનાવ બન્યો હતો. વાંકોનરના પાંચ દ્વારકામાં ગુલાબભાઇની વાડીમાં રહી મજૂરી કરતો ગુડાભાઇ શોનોભાઇ નરગાવે



નામનો બત્રીસ વર્ષનો યુવાન સાતમી તારીખ રોજ વાંકાનેર રહેતાં સાઢુભાઇના ઘરે આટો મારવા આવ્યો હોઇ અહિ જમ્યા બાદ બાઇક હંકારી પરત પાંચ દ્વારકા જતો હતો ત્યારે રસ્તામાં સિંધાવદરના ડાયવર્ઝન પાસે ધુળના ઢગલા પાસે બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. તેને વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. તેને સંતાનમાં ત્રણ દિકરા છે. પોતે ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજી ઘટનામાં રાજકોટના સરધાર નજીકના ગઢકા ગામે અમુલ ડેરીના કામની સાઇટ પર ફેબ્રીકેશનનું કામ કરતી વખતે એકવીસ વર્ષનો મજૂર અકસ્માતે પંદરેક ફુટ ઉંચાઇ પરથી પડી જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. વધુ વિગત અનુસાર ગઢકામાં અમુલ ડેરીની સાઇટ પર હાલ ફેબ્રીકેશનનું કામ ચાલુ હોઇ અહિ અલગ અલગ મજૂરો કામ કરવા આવ્યા છે. જે પૈકી યુપીનો અજય સુભાષભાઇ યાદવ નામના એકવીસ વર્ષનો યુવાન ગત સાંજે પંદરેક ફુટ ઉંચાઇ પર કામ કરતો હતો ત્યારે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના કેતનભાઇ પરમારે કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઇ અશોકભાઇ કલાલે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અજય બે ભાઇમાં મોટો હતો. તે મુળ યુપીનો વતની હતો અને યુપીના જ બીજા કારીગરો સાથે અહિ પેટીયુ રળવા આવ્યો હતો. બનાવથી સાથી કર્મચારીઓમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

વધુ માહિતી અનુસાર ગોંડલના આંબરડીમાં રહેતાં પચાસ વર્ષના કાળુભાઇ નથુભાઇ મુછડીયા સવારે ઘરેથી કામે જવાનું કહીને નીકળ્યા બાદ નવેક વાગ્યે પરત ઘરે આવી ઉલ્ટીઓ કરવા માંડતાં પરિવારજનોએ પૃછા કરતાં દવા પી ગયાનું રટણ કર્યા બાદ બેભાન થઇ ગયા હતાં. તેમને સારવાર માટે જામકંડોરણા ખસેડાયા હતાં. પરંતુ રસ્તામાં જ દમ તોડી દીધાનું ખુલ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કાળુભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે છુટક ખેત મજૂરી કરતાં હતાં. સગાના કહેવા મુજબ ઝેરી દવા પીધાનું અમને લાગે છે. મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો છે. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ ચાર પરિવારોએ અપમૃત્યુમાં સ્વજનો ગુમાવી દીધા હતાં.

### નાના વાતે થતી માથાકુટ મનદુ:ખ ઘણીવાર ગંભીર સ્વરૂપ ધારણ કરી લે ત્યારે આવે માઠુ પરિણામ

# માઠુ લાગતાં શ્રમિકે સાથીને પતાવી દીધો

### લોધીકાના રાવકીના કારખાનામાં બનાવ: યુવાનને ભરઉંઘમાં જ સાથી કર્મચારીએ માથામાં ફટકારેલા ધોકા જીવલેણ નીવડ્યા: લોધીકા પોલીસે આરોપીને લીધો સકંજામાં

રાજકોટ, તા. ૧૨

નહિ જેવી વાતે મારામારી અને ઘણીવાર હત્યાની ઘટના બની જાય છે. વધુ એક નજીવા કારણોસર એક શ્રમીકની તેની જ સાથે કામ કરતાં તેના જ વતનના શખ્સે ધોકા ફટકારી હત્યા કરી નાખતા અરેરાટી વ્યાપી ગઇ હતી. સાથે રૂમમાં રહેતાં હોઇ રાતે મજાક મશ્કરી થઇ હોઇ તેનો ખાર રાખી એક યુવાનને તે સવારે સુતો હતો ત્યારે ભરઉંઘમાં જ સાથી કર્મચારીએ ધોકાના ઘા મારી દીધા હતાં. ગંભીર હાલતમાં સારવાર દરયિમાન આ યુવાને દમ તોડી દીધો હતો. લોધીકાના રાવકી ગામે સોરઠીયા ફાઉન્ડ્રી નામના કારખાનામાં આ ઘટના બની હતી. લોધીકા પોલીસે ગુનો દાખલ કરી આરોપીને સકંજામાં લઇ લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો રાવકી ગામે ફેક્ટરીમાં કામ કરતાં મુળ કોડીનારના મીતીયાજ ગામના વતની ચાલીસ વર્ષના અરશીભાઇ લાખાભાઇ પરમાર નામના યુવાન પર કારખાનાની રૂમમાં તે સવારે ઉંઘમાં હતાં ત્યારે જ સાથે કામ કરતાં કોડીનાર પંથકના જ પ્રવિણ નામના શખ્સે માથામાં ધોકો ફટકારી દીધો હતો. ગંભીર હાલતમાં સારવાર હેઠળ રહેલા અરશીભાઇનું મોડી રાતે અઢી વાગ્યે રાજકોટમાં મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. રૂમમાં અલગ અલગ કર્મચારીઓ સાથે રહેતાં હોઇ રાતે મજાક મશ્કરી કરવા બાબતે પ્રવિણને ખોટુ લાગી ગયું હોઇ તેના કારણે હુમલો કર્યાનું ખુલ્યું હતું. આ બનાવમાં લોધીકા પોલીસે હત્યાનો ભોગ બનનાર અરશીભાઇના સાઢુભાઇ રાજકોટ કુવાડવા રોડ રણછોડદાસ બાપુના આશ્રમ પાસે રૂમ રાખીને રહેતાં મુળ કોડીનારના






નવાગામના જયસુખભાઇ પીઠાભાઇ રાઠોડની ફરિયાદ દાખલ કરી હતી.

પોલીસે જયસુખભાઇની ફરિયાદ પરથી મુળ કોડીનારના પીપળીયા બાવ ગામના અને હાલ લોધીકાના રાવકી ગામે હત્યાનો ભોગ બનનાર અરશીભાઇની સાથે જ રહેતાં અને કામ કરતાં પ્રવિણ બધાભાઇ રાઠોડ વિરૂધ્ધ હુમલો કરવાનો ગુનો તા. ૯ના રોજ દાખલ કર્યો હતો. અરશીભાઇનું સારવારમાં મોત થતાં હત્યાની કલમ ઉમેરવા તજવીજ કરવામાં આવી હતી. ફરિયાદમાં જયસુખભાઈ રાઠોડે જણાવ્યા મુજબ તે મુળ કોડીનારના છે અને હાલ રાજકોટ રહી રણછોડદાસબાપુ આશ્રમની આંખની હોસ્પિટલમાં ડોક્ટર સાથે આસીસ્ટન્ટ તરીકે કામ કરી ત્યાં જ રૂમમાં રહે છે. તેના સાઢુભાઇ અરશીભાઇ લાખાભાઇ પરમાર સાત આઠ વર્ષથી લોધીકાના રાવકી ગામે વિજયભાઇ રાઠોડ સાથે સોરઠીયા ફાઉન્ડ્રી કારખાનામાં કામ કરતા હતાં અને ત્યાં જ રૂમમાં રહેતાં હતાં.

દરમિયાન નવમી તારીખના રોજ સવારે સાતેક વાગ્યાના અરસામાં તેના સાઢુ અરશીભાઇ કારખાનામાં સુતા હતા. તે દરમિયાન પ્રવિણ બધાભાઈ રાઠોડે લાકડાના ધોકા વડે અરશીભાઇના માથામાં ત્રણ-ચાર ઘા મારી દીધા હતા. આથી અરશીભાઇને સારવાર માટે શાપર અને ત્યાંથી રાજકોટ ખસેડાયા હતાં. જેની જાણ જયસુખભાઇને થતાં તેઓ ખાનગી હોસ્પિટલે પહોંચ્યા હતાં. તબીબોના જણાવ્યા મુજબ અરશીભાઈને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમનું તાત્કાલિક ઓપરેશન કરવું પડ્યું હતુ અને તેઓ બેભાન હતાં.

સારવાર દરમિયાન ગત મોડી રાતે અરશીભાઇનું મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. હત્યાનો ભોગ બનેલા અરશીભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરી છે. અરશીભાઇના પિતા હયાત નથી. તેના પત્નિ, ત્રણ દિકરીઓ વતન મીતીયાજ ખાતે રહે છે. પોતે રાવકીમાં કારખાનામાં કામ કરી અહિ જ રહેતાં હતાં. લોધીકાના પીઆઇ આઇ. એમ. સરવૈયાએ ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો. રાતે રૂમમાં મૃતક અને આરોપી તથા બીજા રૂમ પાર્ટનર વચ્ચે મજાક મશ્કરી થયા હોઇ તેમાં આરોપી પ્રવિણને માઠુ લાગી ગયું હોઇ ખાર રાખી સવારે અરશીભાઇ નીંદરમાં હતાં ત્યારે જ ધોકાના ઘા મારી દીધાનું ખુલ્યું હતું. આ બનાવથી પરમાર પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ફેક્ટરીના સાથી મજૂરોમાં પણ અરેરાટી વ્યાપી ગઇ હતી.

# જિંદગીમાં કંઇ નથી : ચિઠ્ઠી લખી એન્જિનીયરે જીવ દીધો

### સોફ્ટવેર ઇજનેર છ મહિનાથી બેકાર હતો: બીજી ઘટનામાં યુવતિએ અકળ કારણે ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કર્યું: એક આધેડ દારૂની ટેવથી ત્રાસી જતાં એસિડ પી દુનિયા છોડી

રાજકોટ તા. ૧૨

અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. અલગ અલગ કારણોસર આપઘાત કરી લેવાના ત્રણ બનાવ બન્યા હતાં. જેમાં એક સોફ્ટવેર એન્જિનીયર યુવાને છ મહિનાથી કામ ચાલતું ન હોઇ હવે જિંદગીમાં જીવવા જેવુ કંઇ રહ્યું નથી એવી સ્યુસાઇડ નોટ લખી ગળાફાંસો દુનિયામાંથી વિદાય લઇ લીધી હતી. બીજા કિસ્સામાં પાંજરાપોળ વિસ્તારની એક યુવતિએ પણ ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કર્યુ હતું. સેટેલાઇટ ચોકમાં એક આધેડ દારૂની ટેવથી કંટાળી જતાં એસિડ પી મોત મેળવ્યું હતું. ચોથા બનાવમાં વાહન અકસ્માતમાં મેટોડામાં એક યુવાનનો જીવ ગયો હતો. પાંચમા બનાવમાં એક તરૂણનું મોટરસાઇકલ પાછળથી પડી જતાં મોત થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો દુધસાગર રોડ પર હૈદરી ચોકમાં રહેતાં સોફ્ટવેર એન્જીયનર યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં માતમ છવાઇગયો હતો. દુધની ડેરી પાસે હૈદરી ચોકમાં રહેતાં ચોત્રીસ વર્ષના મુનીરભાઇ કાસમભાઇ ખાખી નામના યુવાને સવારે છતના હુકમાં દરી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આપઘાત કરનાર મુનીરભાઇ એક બહેનથી નાના હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે સોફ્ટવેર એન્જિનીર હતાં. મુળ જામનગરના લાલપુરના વતની હતાં. છએક મહિનાથી કામધંધો ચાલતો ન હોઇ તે ચિંતામાં રહેતાં હતાં. સવારે તે અને પત્નિ શબીનાબેન દિકરાને સ્કૂલે મુકવા સાથે ગયા હતાં. આ પછી ઘરે આવી તેણે પત્નિને નાસ્તો બનાવવાનું કહ્યુ હતુ અને તેણે રૂમમાં જઇ ગળાફાંસો ખાઇ લીધો હતો. સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. છ મહિનાથી કામ ચાલતું નહોઇ પગલુ ભર્યાનું ખુલ્યુ.હતું. તેણે ચિઠ્ઠીમાં હવે જિંદગીમાં કંઇ રહ્યું નથી એટલે આ પગલુ ભરુ છું, કોઇને દોષ ન દેવો. એવુ લખ્યું હતું. પોલીસે ચિઠ્ઠી કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો પાંજરાપોળમાં મેલડી માતાજીના મંદિર પાસે રહેતાં ચોત્રીસ વર્ષના પૂજાબેન લક્ષ્મણભાઇ કુમારખાણીયા નામના મહિલાએ રાતે ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પૂજાબેને ફાંસો ખાઇ લેતાં ઘરના સદસ્ય જોઇ જતાં દેકારો મચાવતાં બીજા લોકો ભેગા થઇ ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવતાં ગાડી આવી હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો.

બનાવની જાણ થતાં બી-ડિવીઝનના પીએસઆઇ એચ. એન. જેઠવાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર પૂજાબેન મતા અને બે ભાઇઓ સાથે રહેતાં હતાં. તે બે ભાઇના એકના એક બહેન હતાં અને અપરિણીત હતાં. આપઘાતનું કારણ બહાર ન આવતાં તપાસ યથાવત રાખવામાં આવી છે.

ત્રીજી આપઘાતની ઘટના જોઇએ તો પેડક રોડ પર સેટેલાઇટ ચોક નજીક આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં પરેશભાઇ માવજીભાઇ પરમાર નામના પિસ્તાલીસ વર્ષના આધેડે એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પરેશભાઇ ગઇકાલે સવારે ઘરેથી બહાર ગયા બાદ દસેક વાગ્યે ઘરે આવી ઉલ્ટી કરવા માંડતા પરિવારજનોએ પુછતાં પોતે એસિડ પી ગયાનું કહ્યું હતું. આથી તુરત જ તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન સાંજે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને કરી હતી. આપઘાત કરનાર પરેશભાઇ ચાર ભાઇ અને એક બહેનમાં પાંચમા હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે ભૂગર્ભ ગટર સફાઇનું કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. દારૂની ટેવથી કંટાળીને એસિડ પી ગયાનું સગાએ જણાવ્યું હતું.

ચોથા બનાવમાં વાહન અકસ્માતને કારણે એક જીવ ગયો હતો. મેટોડા જીઆઇડીસી ગેઇટ-૧ અંજલી પાર્કમાં રહેતો કંચનકુમાર મોતીલાલ ચૌધરી નામનો ચોવીસ વર્ષનો યુવાન આઠમી તારીખે સવારે દસેક વાગ્યે બાઇકમાં પવનકુમારને બેસાડીને જતો હતો ત્યારે ગેઇટ-૧માં ડોલ્ફીન કંપની નજીક ટ્રેકટરના ચાલકે બાઇકને ઠોકરે લેતાં બંને ફેંકાઇ જતાં ઇજાઓ થઇ હતી. સારવાર દરમિયાન આજે કંચનકુમારનું મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કંચનકુમાર બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. દસ દિવસ પહેલા જ તે બિહારથી અહિ આવ્યો હતો. મિત્ર સાથે બાઇકમાં બેસી કામ જોવા જતો હતો ત્યારે અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે મેટોડા પોલીસે કાર્યવાહી કરી હતી.

પાંચમા બનાવમાં પોરબંદર સુભાષનગરમાં રહેતો જીત ભરતભાઇ કાલકીયા નામનો સોળ વર્ષનો સગીર મોટરસાઇકલ પાછળ બેસીને જતો હતો ત્યારે પાછળથી પડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ વધુ પાંચ ઘટનાઓમાં પરિવારોએ સ્વજન ગુમાવ્યા હતાં.

### વ્યાજંકવાદને ડામવા શહેર જીલ્લા પોલીસની સક્રિયતા વચ્ચે વધુ બે કિસ્સા

# એકમાં મકાન લખાવી લીધુ બીજામાં ધોકાવાળી થઇ

### વિછીયાના વેપારીએ પત્નિની ટીબીની સારવાર માટે નાણા લીધા અને ફસાયા ધમદી દઇ ગીરવે મુકાયેલા મકાનના કાગળોમાં સહીઓ લઇ લીધી

રાજકોટ તા. ૧૨

વ્યાજખોરીને ડામવા શહેર અને જીલ્લા પોલીસ સતત પ્રયાસો કરતી રહે છે. અવાર-નવાર લોક દરબાર યોજવામાં આવે છે અને વ્યાજખોરોએ પચાવી પાડેલી રોકડ સહિતની માલમત્તા પણ પરત અપાવાય છે. વ્યાજખોરો સામે આકરી કાર્યવાહી થતી હોવા છતાં આવા કિસ્સા અટકતા નથી. બે ઘટના સામે આવી હતી જેમાં એક બનાવમાં એક વેપારીએ વ્યાજે લીધેલા નાણાની સામે તેનું મકાન લખાવી લેવાયુ હતું. તો બીજા બનાવમાં યુવાને પચાસ હજાર સામે એક લાખ દઇ દીધા છતાં વધુ વ્યાજ માંગી બેફામ માર મારવામાં આવ્યો હતો. બંને ઘટના રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં બની હતી.

પ્રથમ બનાવ પર નજર કરીએ તો વિંછીયાના શિવાજીપરામાં રહેતા અડતાલીસ વર્ષના વેપારી રજાકભાઇ ઉર્ફે ભુરાભાઇ જમાલભાઇ શાહમદારએ ૧૦ ટકા વ્યાજે લીધેલા રૂા.૬૦ હજારના મુદ્દે વીંછીયાના ખારચીયાના રમેશ ઠાકરશીભાઇ પંચાળાએ ગત છટ્ઠી તારીખે તેના દિકરાને મારી નાખવાની ધમકી આપી મકાન ગીરવેના કાગળોમાં સહિ લેવડાવી લીધાની વિંછીયા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. રજાકભાઇ ઉર્ફે ભુરાભાઇએ પોલીસને જણાવ્યુ કે, છુટક પ્લાસ્ટીક વસ્તુઓ લારીમાં વેંચીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સંતાનમાં બે દિકરીઓ તથા એક દીકરો છે. સને ૨૦૧૯માં મિત્ર શૈલેષભાઇ ગોલા (રહે.વિંછીયા)ને તેણે કહેલ કે પત્ની મરીયમને ટી.બી. થયેલ છે. તેની સારવાર માટે રૂપીયાની જરૂરત છે.

આથી શૈલેષભાઇએ કહેલ કે રમેશ ઠાકરશીભાઇ પંચાળા વ્યાજે રૂપીયા આપે છે. આથી તેણે રમેશ




પાસેથી રૂા.૨૦,૦૦૦ જે મહીને ૧૦ ટકા લેખે વ્યાજે લીધેલ હતા ત્યારબાદ બીજીવાર રૂા.૨૦,૦૦૦ જે મહીને ૧૦ ટકા લેખે વ્યાજે લીધેલ હતા અને ત્યારબાદ ત્રીજીવાર ૨૦,૦૦૦ જે મહીને ૧૦ ટકા લેખે વ્યાજે લીધેલ હતા. આમ ટોટલ રૂા.૬૦ હજાર મહીને ૧૦ ટકા લેખે વ્યાજના રૂા.૬૦૦૦ બે વર્ષ સુધી મહીને તેણે ચુકવેલ હતા. આ વ્યાજના રૂપીયા રમેશ તેના ઘરે આવીને લઇ જતો હતો. ૨૦૨૪માં તે બીમાર પડી જતા હું રૂપીયા તથા વ્યાજ ચુકવી શકેલ ન હતા. આથી આ રમેશે કહેલ કે મારા મુદલ તથા વ્યાજના રૂા.૨,૫૦,૦૦૦ દેવાના બાકી છે જે તમે આપતા નથી આથી તુ તથા તારી પત્ની બન્ને તમારૂ મકાન મને ગીરવે લખીને લખાણ કરી દો કહેતા તેને ના મારી પાસે એક જ મકાન છે કહેતા આરોપીએ 'તું મકાન મારા નામે નહી કરી આપ તો તારા દિકરાને મારી નાખીશ' તેમ ધમકી આપતા તે અને તેના પત્ની ડરી ગયા હતા. બાદમાં રમેશે ગઇ તા.૬ના વકિલની ઓફિસે તેને અને તેના પત્નીને બોલાવી પરાણે મકાન ગીરવે લખાવી લીધુ હતું. હાલ વિંછીયા પોલીસે આ મામલે વધુ તપાસ હાથધરી હતી.

બીજા વ્યાજખોરીના એક કિસ્સામાં જસદણના ભાડલા તાબેના રાણીંગપુર વેરાવળ ગામે રહી ખેત મજૂરી કરતાં યુવાન પર વ્યાજ માટે ધોકા-પાઇપથી હુમલો કરવામાં આવતાં તે લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. દવાખાનાના કામ માટે એક વર્ષ પહેલા લાખણકાના શખ્સ પાસેથી પચાસ હજાર લીધા હતાં. તેની સામે એક લાખ દઇ દીધા છતાં વધુ વ્યાજ માંગી હુમલો કરાયો હતો. રાણીંગપુર વેરાવળ ગામે રહેતાં આડત્રીસ વર્ષના દીપકભાઇ અંજુભાઇ મંજુરીયા નામના યુવાન પર સાંજે સાડા આઠેક વાગ્યે તે ગામના વાડી વિસ્તારમાં હતો ત્યારે લાખણકા ગામના રમેશ નારૂભાઇ, તેનો ભાઇ ધનજી નારૂભાઇ અને રમેશનો દિકરો અરૂણ ધોકા-પાઇપ લઇને ધસી આવ્યા હતાં.

દીપકભાઇ કંઇ સમજે એ પહેલા આડેધડ ફટકારતાં માથા, શરીરે ઇજાઓ થતાં લોહીલુહાણ થઇ ગયા હતાં. દકોરો તેનો દિકરો રસિક વચ્ચે પડતાં તેને પણ માથામાં ધોકો ફટકારી દેવાયો હતો. બીજા લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. દીપકભાઇને જસદણ સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાડલા પોલીસને જાણ કરી હતી. દીપકભાઇના કહેવા મુજબ તે બે ભાઇ અને બે બહેનમાં નાના છે. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. ખેત મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેને દવાખાનાના કામ માટે જરૂર હોઇ એક વર્ષ પહેલા રમેશ અને તેના ભાઇ પાસેથી દસ ટકા વ્યાજે પચાસ હજાર લીધા હતાં. આ રકમ સામે અત્યાર સુધીમાં એક લાખથી વધુ ભરી દીધા છે. આમ છતાં આ શખ્સોએ વધુ વ્યાજ મુડી માંગી હુમલો કર્યો હતો. પોલીસે આક્ષેપો અંગે તપાસ હાથ ધરી હતી. આમ વ્યાજંકવાદના વધુ બે બનાવ સામે આવ્યા હતાં.

### ઘણીવાર વિશ્વાસુ જ દગાખોર બની જતાં હોય છે : મસમોટી છેતરપીંડીની ઘટના

# આસિ. મેનેજર કંપનીના એક કરોડ ઉસેડી ગયો

### ફરજ દરમિયાન કંપનીના નાણા પત્નિ સહિત ત્રણ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતો ગયો: છેલ્લે ભોપાળુ છત્તુ થયું: અન્ય કિસ્સામાં જમીનના સોદામાં અડધો કરોડની ઠગાઇ

રાજકોટ તા. ૧૨

અનેક વખતે એવુ બનતુ હોય છે જેમાં જે તે કંપની પેઢી સાથે તેના જ કર્મચારી વિશ્વાસુ મેનેજર કે બીજા વિભાગના એચઆર દ્વારા ઠગાઇ થતી હોય છે. વધુ એક આવી ઘટના સામે આવી હતી જેમાં એક કંપનીને તેનો જ આસીસ્ટન્ટ મેનેજર એકાદ કરોડનો ચૂનો લગાવી ગયો હતો. આ આસીસ્ટન્ટ મેનેજરે ફરજ દરમિયાન પોતાના પર મુકાયેલા વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી પંચાણુ લાખ પાંસઠ હજાર જેવી રકમ પોતાના પત્નિના ખાતાઓમાંથી અને અન્ય બે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધી હતી. આ ભોપાળુ છત્તુ થતાં કંપનીએ તેના વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવાની કામગીરી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વડદલા ગામમાં મીના સર્કિટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નાણાકીય ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. જ્યાં કંપનીના જ પૂર્વ આસિસ્ટન્ટ મેનેજરે રૂપિયા ૯૫.૬૫ લાખની ઉચાપત કરી હોવાની વિગતો બહાર આવી છે. આ મામલે સાવલી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. સાવલીના વડદલા ગામમાં મીના સર્કિટ -પ્રા.લિ. કંપનીમાં અગાઉ આસિસ્ટન્ટ મેનેજર-એકાઉન્ટ્સ તરીકે ફરજ બજાવતા અલ્પેશકુમાર ચંદ્રકાન્ત પટેલ નામના વ્યક્તિએ આ કૌભાંડ આચર્યું છે. આ આરોપીએ કંપનીમાં બે વર્ષના સમયગાળા દરમિયાન વિશ્વાસઘાત કર્યો હતો.

આ સમયગાળા દરમિયાન આરોપીએ કંપનીના બેંક એકાઉન્ટમાંથી પોતાના તેમજ તેની પત્નિ બિના અલ્પેશભાઈ પટેલ તથા અન્ય બે એકાઉન્ટમાં રૂપિયા ૮૯,૧૭,૮૨૬ ટ્રાન્સફર કર્યાં હતા. આ ઉપરાંત, ટ્રાવેલિંગ એક્સપેન્સીસ પેટે રૂપિયા ૧,૫૪,૫૫૯ તેમજ ખોટા વાઉચરો બનાવી રોકડા રૂપિયા ૭,૪૩,૪૫૧ પણ મેળવ્યા હતા. આ રીતે કુલ રૂપિયા ૯૮,૧૫,૮૮૩૬ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. તેમાંથી તેણે રૂપિયા ૨,૫૦,૦૦૦ની રકમ કંપનીના યસ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી હતી.

તેમજ રૂપિયા ૯૫,૬૫,૮૩૬ની રકમની આખરી ઉચાપત થયાનું નોંધાયું હતું. કંપનીના




એકાઉન્ટન્ટ તરીકેની ફરજ દરમિયાન આરોપીને સોંપવામાં આવેલી જવાબદારીનો ભંગ કરવામાં આવ્યો છે. તેણે ઉપરોક્ત રકમના નાણા પોતાના તથા અન્ય બીજા ખાતાઓમાં ટ્રાન્સફર કરી અંગત ફાયદા માટે ઉપયોગમાં લીધા હતા. આ -કારે કંપનીની મોટી રકમની ઉચાપત કરી આરોપીએ કાયદેસરનો ગુનો આચર્યો હોઇ એફઆઇઆર દાખલ કરાવાતાં તપાસ શરૂ થઇ હતી.

બીજા કિસ્સામાં વલસાડના પારડી તાલુકામાં જમીનના સોદામાં છેતરપિંડીની વધુ એક ફરિયાદ નોંધાઈ છે. વાપીના એક ફૂલના વેપારીએ પલસાણા ગામે જમીન ખરીદવા માટે એક વ્યક્તિ સાથે સોદો કર્યો હતો. વેપારી અને તેના ભાગીદારે કુલ ૫૩.૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હોવા છતાં જમીનના દસ્તાવેજ કરાવી આપવામાં આવ્યા નથી તેવી ફરિયાદ દાખલ થતાં પારડી પોલીસ સ્ટેશન દ્વારા તપાસ શરૂ થઇ હતી વાપીમાં રહેતા જીતુપ્રસાદ ગુપ્તા ફૂલનો હોલસેલ વેપાર કરે છે. ગયા વર્ષે તેમણે પોતાના મિત્ર અને ભાગીદાર નંદુપ્રસાદ ફોજદાર સોલંકી સાથે જમીન ખરીદવાનું વિચાર્યું હતું.

આ માટે તેમણે ઓળખીતા સંજય દેસાઈનો સંપર્ક કર્યો હતો, જેમણે તેમની મુલાકાત પારડીના કલસર ગામના વિમલ પટેલ સાથે કરાવી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, વિમલભાઈએ પલસાણા ગામે હનુમાન મંદિર સામે આવેલી એક એકર જમીન વેચવાની વાત કરી હતી. આ જમીનનો સોદો ૬૫.૫૦ લાખ રૂપિયામાં નક્કી થયો હતો. જમીન માટે ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર કબજા વેચાણ કરાર કરવામાં આવ્યો હતો અને તેની નોટરી પણ કરાવી હતી. ત્યારબાદ જીતપ્રસાદ અને તેમના ભાગીદારે અલગ-અલગ તારીખે ચેક, આરટીજીએસ અને રોકડ દ્વારા વિમલભાઈને મોટી રકમ ચૂકવી હતી.

ફરિયાદ મુજબ, પહેલા ૩૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. પછી જમીનના દસ્તાવેજ અને અન્ય પ્રક્રિયા માટે વધુ પૈસાની માંગણી થતાં ૨૨.૫૦ લાખ રૂપિયા ચૂકવાયા હતા. આમ, જમીન ખરીદવા માટે કુલ ૫૩.૫૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. પણ વિમલભાઈએ એક મહિનામાં જમીનનો દસ્તાવેજ કરાવી આપવાની ખાતરી આપી હતી, પરંતુ સમયસર દસ્તાવેજ થયો નહીં. ત્યારબાદ દસ્તાવેજ કરી આપવાની અથવા પૈસા પાછા આપવાની ખાતરી અપાઈ હતી.

તેમ છતાં દસ્તાવેજ ન થતાં ફરિયાદીએ પોતાના ચૂકવેલા પૈસા પાછા માંગ્યા ત્યારે મામલો વધુ ગંભીર બન્યા હતો. ફરિયાદમાં જમીનના મૂળ માલિક સહિતના વ્યવહારની વિગતો પણ આપવામાં આવી છે. આ સમગ્ર મામલે પારડી પોલીસે ફરિયાદના આધારે વિમલ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે જમીનના દસ્તાવેજો, કરાર, નોટરી અને નાણાકીય વ્યવહારોના પુરાવાના આધારે તપાસ આગળ વધારી હતી.

ફેસબૂકમાં પીએમના નામે મુકાયેલી ફ્રોડ રીલને સાચ્ચી માની: બાવીસ હજારના રોકાણ પર મહિને સાડા ત્રણ લાખની લાલચ અપાઇ હતી

# નિવૃત ફૌજીને ફસાવી ૪૭ લાખનો ધૂંબો

## શરૂઆતમાં બાવીસ હજાર સામે બોંતેરસોનો નફો અપાયો: સિત્તેર લાખ સામે સવા બે કરોડનો નફો બતાવાયો: પણ નાણા ઉપાડી ન શક્યા

રાજકોટ, તા.,૧૨

રોકાણ કરો અને ટુંકા ગાળામાં વધુને વધુ નફો મેળવો આ એક જ મુદ્દે લાલચની જાળ બીછાવી ગઠીયાઓ સતત લોકોને છેતરી રહ્યા છે. લોકો પોતાની જિંદગીભરની કમાણી આવી લાલચમાં આવીને ગુમાવી રહ્યા છે. વધુ એક આવુ ફ્રોડ થયું હતું. જેમાં એક નિવૃત આર્મી જવાને ફેસબૂક પર રીલ જોઇ રોકાણ કરી દીધુ હતું અને સુડતાલીસ લાખ જેવી રકમ ગુમાવી દીધી હતી. વડાપ્રધાનના નામે રીલમાં ગઠીયાઓએ જાહેરાત કરી હોઇ નિવૃત જવાનને આ સાચ્ચુ લાગ્યું હતું અને મોટી રકમનું રોકાણ કરી દીધુ હતું. તેમણે સિત્તેર લાખ જમા કરાવી દીધા હતાં, જો કે તેમાંથી માત્ર ત્રેવીસ લાખ પાછા મળ્યા હતાં. બાકીના છેતાલીસ લાખ બાણુ હજાર તેમણે ગુમાવ્યા હતાં. બીજા કિસ્સામાં મહિલાનો ફોન હેક કરી અઢી લાખ ઉસેડી લેવાયા હતા.

વિગતો જોઇએ તો આ ઘટના અમદાવાદમાં બની છે. અહિ ઠક્કરનગરમાં રહેતા નિવૃત આર્મી જવાન સાથે સાયબર ગઠિયાઓએ રોકાણના નામે ૪૬.૯૨ લાખ રૂપિયા પડાવ્યા છે.આર્મી જવાને ફેસબુક પર રીલ જોઈ હતી, જેમાં વડા-ધાનના નામે ખોટી જાહેરાત કરવામાં આવી હતી. આર્મી જવાનને વિશ્વાસ આવતા સિત્તેર લાખનું રોકાણ કર્યું હતું, જેમાંથી ૨૩ લાખ જ પરત આપવામાં આવ્યા હતા. બાકીની રકમ પરત ના મળતા આર્મી જવાને સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. ઠક્કરનગરમાં રહેતા અડતાલીસ વર્ષીય આર્મી જવાની ફરિયાદ નોંધાવી છે કે તેઓ ઘરે હતા ત્યારે ફેસબુક પર એક રીલ જોઈ હતી જેમાં વડા-ધાન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી



ત્યારબાદ બાવીસ હજારનું રોકાણ કરવાથી મહિનાના ૩.૫૦ લાખ રૂપિયા કમાઈ શકો છો. આર્મી જવાને વિશ્વાસ કરી લીધો હતો અને એપ્લિકેશન ડાઉનલોડ કરી રજીસ્ટર કરાવ્યું હતુ. જેમાં જાણીતા બિઝનેસમેન,રાજકારણી અને સેલિબ્રિટી દ્વારા પણ આ જાહેરાત સંબંધિત પોસ્ટ કરવામાં આવી હતી. શરૂઆતમાં આર્મી જવાન પાસેથી ૨૨ હજાર રૂપિયા ભરાવ્યા હતા. જે બાદ નફો કમાવવા માટે ટ્રેડિંગ કરવાનું કહ્યું ત્યારે આર્મી જવાને રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં ૭૨૦૦નો નફો થયેલો બતાવ્યો હતો.જેથી વધુ વિશ્વાસ આવતા આર્મી જવાને સાઇબર ગઠિયાઓએ કહ્યું તે મુજબ અલગ અલગ ખાતામાંથી કુલ ૭૦.૮૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જેની સામે એપ્લિકેશનમાં ૨.૨૫ કરોડ રૂપિયાનો નફો બતાવતો હતો.

ધીરે ધીરે રનિંગ લોસ વધતો ગયો જેથી આર્મી જવાને પૈસા ઉપાડવાનો શરૂ કર્યા ત્યારે ૨૩.૮૯ લાખ રૂપિયા હતા. બાકીના ૪૬ લાખ રૂપિયા ઉપાડવા હોય તો રોકાણ કરવાનું જણાવ્યું. આર્મીજવાનને શંકા સાઇબર ક્રાઇમ હેલ્પલાઇનના નંબર પર ઓનલાઇન ફરિયાદ નોંધાવી જે બાદ સાયબર ક્રાઇમમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો ઢાલગરવાડ વિસ્તારમાં રહેતા એકાવન વર્ષીય મહેબુબચાંદ મુનાફ ગુલામનબી મન્સુરી મેમનગરમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં નોકરી કરે છે. સવારે મહિલાના મોબાઈલ પર તેમના બેંક ખાતામાંથી રૂપિયા ઉપડ્યાનો મેસેજ આવ્યો હતો, તપાસ કરતા જાણવા મળ્યું હતું કે અજાણી વ્યક્તિ દ્વારા આ છેતરપિંડી કરવામાં આવી હતી. અજાણ્યા ઠગે પહેલા તેમના ડેબિટ કાર્ડ દ્વારા પાંચ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી રૂપિયા ૨,૫૩,૬૨૮ ઉપાડી લીધા હતા. ત્યારબાદ ક્રેડિટ કાર્ડનો પણ દુરુપયોગ થયો હતો.

આ કાર્ડનો ઉપયોગ કરી અન્ય પાંચ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા ૨,૪૦,૯૦૩ લઈ લીધા હતા. ફ્રોડ થયાની જાણ થતાં જ ફરિયાદીએ તાત્કાલિક કોટક મહિન્દ્રા બેંકની શાખામાં જઈને પોતાનું ડેબિટ કાર્ડ અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું. ત્યારબાદ તેમણે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. હાલમાં આ મામલે પોલીસે ઠગ સામે ગુનો નોંધીને બેંકના ડોક્યુમેન્ટ્સ અને ટ્રાન્ઝેક્શનની વિગતોના આધારે કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

સમૃધ્ધી ભવનમાં એલસીબી ઝોન-૨ ટીમ ત્રાટકી: રતનપરના બે શખ્સ પકડાયા

# અઢી લાખનો દારૂ રાજસ્થાનથી રાજકોટની ઓફિસ સુધી પહોંચ્યો, કટીંગ પહેલા જપ્ત

## બંને શખ્સોની અગાઉ પણ દારૂ, જૂગાર, એટ્રોસીટી સહિતના કેસોમાં સંડોવણી

રાજકોટ તા. ૧૨

બે ભાગીદારો ભેગા મળી રાજસ્થાનના આબુરોડથી અઢી લાખનો દારૂનો જથ્થો ભરી આવ્યા હતાં. આ જથ્થો છેક ત્યાંથી રાજકોટના ગોંડલ રોડની ઓફિસ સુધી પહોંચાડી દીધો હતો. જો કે અહિથી કટીંગ થાય, વેંચાય એ પહેલા એલસીબી ઝોન-૨ ટીમ ત્રાટકી હતી અને આ બંનેને અઢી લાખથી વધુના દારૂ સાથે પકડી લીધા હતાં.

શહેર એલસીબી ઝોન-૨ ટીમે બાતમી પરથી સ્ટાફે ગોંડલ રોડ પર સમૃદ્ધિ ભવનમાં ઓફિસ ધરાવતાં રાજકોટના રતનપરના શખ્સે ભાગીદાર સાથે મળી રાજસ્થાન આબુ રોડ પરથી રૂા. ૨,૫૪,૦૬૪નો વિદેશી દારૂ ઓફિસમાં ઉતાર્યો હોઇ તે કટીંગ કરે એ પહેલા પોલીસ ત્રાટકી હતી અને બંનેને ઝડપી લઇ દારૂ, મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૨,૭૪,૦૧૪નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પીએસઆઇ એસ. વી. ચુડાસમાની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ગોંડલ રોડ પર આવેલ સમૃદ્ધિ ભવનના ચોથા માળે ઓફિસ નં. ૨૪-એ માં ચંદ્રેશ અને રાજેશ નામના શખ્સો પોતાની ઓફિસમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારીને વેચાણ કરી રહ્યા છે. તેના આધારે ટીમે દરોડો પાડતાં ઓફિસમાં બે શખ્સો મળ્યા હતાં. પુછતાછમાં પોતાના નામ ચંદ્રેશભાઈ ભરતભાઈ ભલસોડ (ધંધો વાયરિંગ કામ, રહે. રતનપર ગામ, ગીર ડેરીની બાજુમાં, રાજકોટ) અને રાજેશ ગણપતદાસ રામાવત (ધંધો ડ્રાઈવિંગ, રહે. રતનપર ગામ, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. ઓફિસમાં પ્રવેશ કરી તપાસ કરતા કબાટ અને સોફા પાસે કાળા તથા બ્લુ રંગના કુલ ૮ થેલા મળી આવ્યા હતા. જે ખોલીને જોતા અંદરથી ફોર સેલ ઇન રાજસ્થાન ઓન્લી માર્કાવાળી ૧૮૦ એમ.એલ.ની વિદેશી દારૂની સીલપેક ચપલા મળી આવ્યા હતાં.

પોલીસે રોયલ ચેલેન્જના ૩૩૬ ચપલા રૂ. ૧,૦૪,૮૩૨ના, એઇટ પીએમના૧૯૦ ચપલા રૂા. ૫૦,૧૬૦ના, ગ્રીનલેબલના ૧૪૪ ચપલા રૂા. ૩૮૦૧૬ના અને ઓલસીઝન્સના ૧૪૪ ચપલા ૪૮૩૮૪ના તથા મેકડોવેલ્સ નંબર વનના ૪૮ ચપલા રૂા. ૧૨૬૭૨ના મળી કુલ રૂા. ૨,૫૪,૦૬૪નો દારૂ મળ્યો હતો. તેમજ બે મોબાઇલ ફોન રૂા. ૨૦ હજારના પણ કબ્જે કરાયા હતાં. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ચંદ્રેશ ભલસોડ વિરૂધ્ધ અગાઉ આજીડેમ, કુવાડવા પોલીસમાં દારૂનો એક અને એટ્રોસીટીનો એક ગુનો તથારાજેશ વિરૂધ્ધ ભક્તિનગર, એ-ડિવીઝન, તાલુકા, યુનિવર્સિટીમાં દારૂ-જૂગારના પાંચ ગુના નોંધાયા હતાં. આ બંને રાજસ્થાનના આબુ રોડ પરથી દારૂનો જથ્થો વેંચવા માટે ભરી લાવ્યાનું રટણ કર્યુ હતું. જો કે કટીંગ કરે એ પહેલા પોલીસ ત્રાટકી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક અને ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ એસ. વી. ચુડાસમા, એએસઆઇ જે. વી. ગોહિલ, એએસઆઇ હરપાલસિંહ જાડેજા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઇ વાઘીયા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ. કુલદીપસિંહ રાણા, શીવભદ્રસિંહ ગોહિલ, મૈસુરભાઇ કુંભારવાડીયાએ આ કામગીરી કરી હતી. વિશેષ તપાસ માટે રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# દારૂના દરોડા: ૧ પકડાયો, બેના નામ ખુલ્યા

રાજકોટ તા. ૧૨

દારૂના ધંધાર્થીઓ પર પોલીસની ધોંસ યથાવત રહી હતી. ત્રણ દરોડામાં એક પકડાયો હતો. બે દારૂ મુકી ભાગીગયા હતાં. શહેરમાં માલવીયા નગર અને થોરાળા પોલીસે આંબેડકરનગર અન્યવે બ્રીજ પાસે અને આજી જીઆઇડીસીમાં ત્રણ સ્થળે દરોડા પાડી વિદેશી દારૂ સાથે એકને ઝડપી લઇ ફરાર બેની શોધખોળ શરૂ કરી છે.

માલવીયાનગર એએસઆઇ કે.બી. શેખલીયા, હેડકોન્સ્ટેબલ સારંગભાઇ ઓગણીયા સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર આંબેડકરનગર માંથી રૂા.૧૫ હજારની દારૂની ૪૭ બોટલ અને બીયરના ૧૬ ટીન મળી કુલ રૂા. ૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર પ્રકાશ દિનેશભાઇ મુછડીયાની શોધખોળ આદરી હતી. બીજા દરોડામાં થોરાળા પોલીસના હેડ કોન્સ્ટેબલ એચ.જે. નિનામા, કોન્સ્ટેબલ ગોકુલઇભાઇ મકવાણા સહિતના સ્ટાફે ગોકુલભાઇ મકવાણા સહિતના સ્ટાફે અજય વે બ્રીજવાળી શેરીમાં કારખાના પાસે દરોડાના પોલીસને જોઇ સિરાઝ તાજમહમદભાઇ ચાનીયા (રહે ખોડીયારનગરા સ્કુટર મુકી ભાગી ગયો હતો પોલીસે સ્કુટરની તલાસી લેતા તેમાંથી ૬૭,૮૦ની દારૂની ૧૨ બોટલ મળી આવતા કુલ રૂા. ૯૬ હજારના મુદામાલ કબ્જે કરી સિરાઝને પકડી લેવા તજવીજ કરી હતી. જ્યારે ત્રીજા દરોડામાં થોરાળા પોલીસના એએસઆઇ કે.આર.કુવાડીયા, હેડ કોન્સ્ટેબલ અજયભાઇ વિકમા સહિતના સ્ટાફે ભાવગનર રોડ પર આજી જીઆઇડીસીના ગેઇટ પાસે થી જય જનકભાઇ સોલંકી (રહે ચંપકનગર, પેડક રોડને પકડી લઇ પુછતાછ હાથ ધરી હતી.

# ભત્રીજાના સ્ટેટસમા કલીક કર્યુ ને કાકા છેતરાઇ ગયા

## ગઠીયાઓએ ફાઇલ બનાવી ઇન્વીટેશન કાર્ડ મુક્યું છે તેનાથી અજાણ વૃધ્ધ સાયબર ફ્રોડનો ભોગ બની ગયા

રાજકોટ તા. ૧૨

સાયબર ગઠીયાઓ અલગ અલગ તુક્કાઓ અજમાવી લોકોને સતત છેતરી રહ્યા છે. વધુ એક નવતર કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક બનાવમાં વૃધ્ધના કૌટુંબીક ભત્રીજાનું ફેસબૂક એકાઉન્ટ હેક કરી ઇન્વીટેશન કાર્ડના નામે એપીકે ફાઇલ લિંક બનાવી ભત્રીજાના સ્ટેટસમાં આ લિંક મુકી દેવાઇ હતી. ભત્રીજાએ લિંકમાં શું મુક્યું છે તે જોવા વૃધ્ધ કાકાએ આ લિંક ઓપન કરી હતી. તે સાથે જ તેમનો ફોન હેક થઇ ગયો હતો અને તેમના બેંક ખાતામાંથી નાણા ઉસેડી લેવાયા હતાં. અહિ રકમ ત્રણ લાખ જેવી ગઇ છે પરંતુ આ વળી એક નવતર તુક્કો ગઠીયા લાવ્યા હોઇ તેની માહિતી જાણવી જરૂરી છે.



ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામમાં રહેતા પાંસઠ વર્ષીય વૃદ્ધ સાયબર ઠગ ટોળકીનો ભોગ બન્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ભેજાબાજોએ વૃદ્ધના કૌટુંબિક ભત્રીજાનું ફેસબુક એકાઉન્ટ હેક કરીને ઇન્વિટેશન કાર્ડના નામે એક નકલી એપીકે ફાઇલ વાયરલ કરી હતી. કુતૂહલવશ વૃદ્ધે આ ફાઇલ ડાઉનલોડ કરવાનો પ્રયાસ કરતાની સાથે જ સાયબર ગઠિયાઓએ તેમના મોબાઈલનો સંપૂર્ણ એક્સેસ, ડેટા અને બેંકિંગ પાસવર્ડ મેળવી લીધા હતા.

ત્યારબાદ ત્રણ અલગ-અલગ બેંક ખાતાઓમાંથી તબક્કાવાર કુલ બે લાખ ચોરાણુ હજાર સેરવી લેતાં અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. સોશિયલ મીડિયા પર અજાણી લિંક્સ કે ફાઈલો સામાન્ય નાગરિકો માટે કેટલી જોખમી સાબિત થઈ શકે છે તેનો આ જીવંત પુરાવો છે. ખોરજ ગામના શાલીગ્રામ લેકવ્યુ ખાતે રહેતા અને છૂટક મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા પાંચઠ વર્ષીય કાંતિભાઈ મોહનભાઈ પટેલ પોતાના મોબાઇલમાં ફેસબુક વાપરી રહ્યા હતા.

આ દરમિયાન તેમના કૌટુંબિક ભત્રીજા મહેશભાઈ તળશીભાઈ દીહોરાના ફેસબુક સ્ટેટસ પર કંકોત્રી જેવી દેખાતી એક ડિજિટલ ઇન્વિટેશન કાર્ડની એપીકે ફાઇલ મૂકેલી જોવા મળી હતી. કોઈ સગાં-સંબંધી કે ેહીજનના શુભ -સંગનું આમંત્રણ હોવાનું સમજીને કાંતિભાઈએ તે ફાઇલ ઓપન કરવા માટે આપેલા ઓપ્શન પર ક્લિક કર્યું હતું. વારંવાર પ્રયાસે કરવા છતાં તે કાર્ડ સ્ક્રીન પર ન ખૂલતાં કાંતિભાઈને દાળમાં કંઈક કાળું હોવાની શંકા ગઈ હતી.

તેમણે તાત્કાલિક ભત્રીજા મહેશભાઈને ફોન કરી પૃચ્છા કરતાં ભત્રીજાએ જણાવ્યું હતું કે મારું ફેસબુક એકાઉન્ટ કોઈ હેકરે હેક કરી લીધું છે અને ખોટી લિંક્સ શેર કરી રહ્યો છે, જેથી કોઈ પણ મેસેજ કે લિંક ઓપન કરશો નહીં. જોકે ત્યાં સુધીમાં માલવેર ફાઇલ મોબાઇલમાં ઇન્સ્ટોલ થઈ ચૂકી હતી.

ત્યારબાદ આ ઘટનાના આશરે દસ દિવસ બાદ, સવારે કાંતિભાઈના મોબાઈલ પર આઇસીઆઇસીઆઇ બેંકમાંથી અચાનક નવ્વાણુ હજાર ડેબિટ થયાનો મેસેજ આવતાં તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેમણે તાબડતોબ પોતાની અન્ય બેંકોની શાખામાં રૂબરૂ દોડી જઈ સ્ટેટમેન્ટ કઢાવતાં ભાંડો ફૂટ્યો હતો કે સાયબર ગઠિયાઓએ તેમના ત્રણ અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાંથી ટુકડે-ટુકડે કુલ બે લાખ ચોરાણુ હજારની માતબર રકમ ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી.

આ રીતે સાયબર ગઠીયાઓ વધુ એક ખેલ પાડી ગયા હતાં. પોતાની મહેનતની જીવનભરની કમાણી લૂંટાઈ જતાં કાંતિભાઈએ તાત્કાલિક નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલની હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક સાધી સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી. તે સમયે નાદુરસ્ત તબિયતના કારણે તેઓ પોલીસ મથકે રૂબરૂ જઈ શક્યા ન હતા. પરંતુ સ્વાસ્થ્યમાં સુધારો થતાં જ તેમણે અડાલજ પોલીસ સ્ટેશન પહોંચી સાયબર ગઠિયાઓ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે આઈટી એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.

સતત વધી ગયા છે આ પ્રકારના બનાવો: વધુ એક ગઠીયાગીરી થઇ ગઇ

# ખેડૂતને ઇ-ચલણનો મેસેજ મોકલી નાણા ઉપાડી લેવાયા

## બે દિવસમા અલગ અલગ ટ્રાન્જેકશનથી અઢી લાખ ઉપાડી લેવાયા : બીજા બનાવમાં ઓએલએક્સ પરથી સંપર્ક કરી બાઇક ખરીદવાના નામે ટેસ્ટ ડ્રાઇવના બહાને ગઠીયો બાઇક લઇ ગાયબ

રાજકોટ તા. ૧૨

રોજબરોજ ગઠીયાઓ નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ કરીને લોકોને ઓનલાઇન ચૂનો લગાડતાં રહે છે. હજારોથી માંડી લાખો કરોડો સુધીની ઠગાઇ થતી રહે છે. વધુ એક કિસ્સામાં ટ્રાફિક ઇ-ચલણના નામે ખેડુતના અઢી લાખ ખંખેરી લેવાયા હતાં. આવી ઠગાઇ અવાર-નવાર બની રહી છે છતાં આવા કિસ્સા અટકતા નથી. લોકો અજાણતા કે ઉત્સુકતાથી જે તે અજાણી આવી લિંક એપીકે ફાઇલ ઓપન કરી નાંખે છે અને તરત જ તેનો ફોન હેક કરી ગઠીયા બેંક ખાતાઓમાંથી રોકડ સફાચટ કરી નાંખે છે.

વિગતો પર નજર કરીએ તો પાટનગર ગાંધીનગરમાં ખોડીયાર ગામના ખેડૂત સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. અજાણ્યા ભેજાબાજો દ્વારા ટ્રાફિક લિંક ઈ-ચલણની લિંક મોકલી બે અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી બે લાખ પિસ્તાલીસ હજાર સેરવી લીધા હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકના ચોપડે નોંધાતા તપાસ શરૂ થઇ હતી. વધુ માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલા ખોડીયાર ગામના સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા ૩૩ વર્ષીય ખેડૂત વિરસંગજી ચતુરજી ઠાકોર સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. તેમના મોબાઈલ પર ટ્રાફિક લિંક ઈ-ચલણ ભરવા અંગેનો એક મેસેજ આવ્યો હતો. સાયબર ઠગોની આ ટેકનિકલ જાળને ખેડૂત ઓળખી શક્યા ન હતા અને તેમણે મેસેજમાં આપેલી લિંક પર ક્લિક કરી દીધું હતું.




લિંક પર ક્લિક કરતા જ તેમના મોબાઈલમાં આપોઆપ એક શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી. આ એપ્લિકેશનના માધ્યમથી અજાણ્યા ઠગોએ ચાલાકીપૂર્વક વિરસંગજીના સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયામાં આવેલા બે અલગ-અલગ બેંક ખાતાઓની વિગતો અને મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હતો. ત્યારબાદ બે દિવસના સમયગાળા દરમિયાન ઠગોએ તબક્કાવાર રીતે ખેડૂતના ખાતામાંથી કુલ રૂ. ૨,૪૫,૩૮૧ ઉપાડી લીધા હતા. ખાતામાંથી નાણાં કપાયાના મેસેજ મળતા જ ખેડૂતે તપાસ કરી, પરંતુ ત્યાં સુધીમાં રકમ ટ્રાન્સફર થઈ ચૂકી હતી. આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

આવી છેતરપીંડી સતત વધી ગઇ છે. ગઠીયાઓ લગ્નની કંકોત્રી કે પછી આરટીઓની ઇ-ચલણ અથવા તો કેવાયસી અપડેટના નામે એપીકે ફાઇલ મોકલીને અથવા તો મફતમાં વેબસિરીઝ, ફિલ્મો જોવાની લાલચ આપી એપીકે ફાઇલ મોકલી ઠગાઇ કરતાં રહે છે. આવા મેસેજ જે તે વ્હોટસએપ ગ્રુપમાં જે તે સદસ્તના નામથી આવતાં હોઇ બીજા સદસ્યો આ મેસેજ ગ્રુપના જ સભ્યએ મોકલ્યાનું સમજી કલીક કરે છે અને ફોન હેક થઇ જાય છે. આવી ઠગાઇ સતત વધી ગઇ છે. જેમાં વધુ આ એક કિસ્સો ઉમેરાઇ ગયો છે.

બીજા કિસ્સામાં ઓએલએક્સ પર વેચાણ માટે મુકેલી સ્પોર્ટ્સ બાઈક ખરીદવાનો વિશ્વાસ આપી ટેસ્ટ ડ્રાઈવના બહાને બાઈક લઈ ફરાર થઈ જનાર આરોપીને ભરૂચ શહેર ૬ ડિવિઝન પોલીસે ગાંધીનગરમાંથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી અઢી લાખની કિંમતની કાવાસાકી નીન્જા ૬૫૦ સ્પોર્ટ્સ બાઈક કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ભરૂચના ભોલાવ વિસ્તારમાં રહેતા વૈશાખ્ય માધવન દ્વારા પોતાની કાવાસાકી કંપનીન નીન્જા-૬૫૦ સ્પોર્ટ્સ બાઈક ઓએલએક્સ પર વેચાણ માટે મુકવામાં આવી હતી. આ દરમિયાન ગાંધીનગરના પેથાપુર વિસ્તારના પ્રેમપારસ દેવેન્દ્રકુમાર પટેલે બાઈક ખરીદવાની ઈચ્છા દર્શાવી હતી. ત્યારબાદ આરોપીએ બાઈક ખરીદવાનો વિશ્વાસ આપી તેની ટેસ્ટ ડ્રાઈવ કરવા માટે બાઈક લીધી હતી. જોકે, ટેસ્ટ ડ્રાઈવના બહાને બાઈક લઈ ગયા બાદ પરત ન ફરતાં ફરિયાદીને છેતરપિંડી થયાનું જણાયું હતું.

**જંગલેશ્વરમાં ખાલી કરાવેલી કરોડોની જમીનનો આગામી ઉપયોગ શું તે અંગે તંત્ર મૌન સેવી રહ્યું હોવાનો આક્ષેપ**

# જંગલેશ્વરમાં બુલડોઝર ફર્યું હવે તંત્રનો માસ્ટર પ્લાન ક્યાં?

## મહાપાલિકાની સામાન્ય સભામાં દબાણ હટાવ ઝુંબેશથી લઈ ટીપરવાન કોન્ટ્રાક્ટ સુધીના અનેક મુદ્દે વિપક્ષના આકરા પ્રહારો



રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાનગરપાલિકાની આગામી જનરલ બોર્ડની બેઠકમાં શહેરના નાગરિકોને સીધા સ્પર્શતા પ્રાથમિક સુવિધાઓ, વહીવટી બેદરકારી અને વિકાસકામો અંગેના મુદ્દે વિપક્ષ કોંગ્રેસ દ્વારા શાસક પક્ષ અને તંત્રને ઘેરવાની પૂરી તૈયારી કરી લેવામાં આવી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, જનરલ બોર્ડ એ માત્ર ઔપચારિકતા નથી પરંતુ લોકશાહી મંચ છે, જ્યાં પ્રજાના પ્રશ્નોનો યોગ્ય અને સમયબદ્ધ ઉકેલ લાવવા માટે મજબૂત રજૂઆત કરાશે અને તંત્ર પાસે પારદર્શિતાનો હિસાબ માગવામાં આવશે.

આ બેઠકમાં વિપક્ષી નેતા દિપ્તીબેન સોલંકી દ્વારા જન્મ-મરણ શાખામાં પોર્ટલ પર પડતર કામગીરી, જૂના દાખલા આધાર કેન્દ્રોમાં માન્ય રાખવા અને આ કામગીરી કયા વિભાગ હેઠળ થાય છે તેની સ્પષ્ટતા સાથે નવા ત્રણેય ટાઉન પ્લાનરની કામગીરીનો રિપોર્ટ માગવામાં આવશે. કોર્પોરેટર ઇબ્રાહીમભાઇ સોરા દ્વારા જંગલેશ્વરમાં આજી નદીના કાંઠે ૯૯૨ મકાનોના ડિમોલિશન બાદ ખુલ્લી કરાયેલી જગ્યા અંગે પ્રશ્નો ઉઠાવાયા છે કે, આ જગ્યા કેટલી વાર ખુલ્લી કરાઈ, શું તે કોઈ કંપનીને વેચાણ અપાઈ છે અને ત્યાં રિવરફ્રન્ટ બનશે કે અન્ય કોઈ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાશે.

બીજી તરફ, કોંગ્રેસના અર્જુનભાઈ ચૌહાણ મનપાની હદમાં આવતી સ્કૂલ-કોલેજો પાસેથી વસૂલાતા પ્રોપર્ટી ટેક્સ તેમજ મનપાના વાહનોના માસિક-વાર્ષિક ડીઝલ-પેટ્રોલના વપરાશ, મેન્ટેનન્સ અને સામાન્ય પંચર સુધીના ખર્ચની વિગતો માગશે. આ ઉપરાંત, શહેરમાં ડોર-ટુ-ડોર કચરો ઉઠાવવાનો ટિપરવાનનો કોન્ટ્રાક્ટ કેટલા વર્ષ માટે અપાયો, કેટલી એજન્સીઓના ભાવ આવ્યા હતા તેમજ ડ્રાઇવર-સ્નીપરના પગાર (રોકડ કે ચેકથી), તેમની સેફ્ટી કિટ્સ અને મહાપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને ચૂકવાતી રકમ અંગે પણ તંત્ર પાસેથી સ્પષ્ટ જવાબ માગવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં દબાણ હટાવવાની મોટા પાયે કાર્યવાહી કરીને કરોડો રૂપિયાની કિંમતી જમીન ખાલી કરાવવામાં આવી છે. પરંતુ આટલા મોટા ડિમોલિશન બાદ હવે સૌથી મોટો સવાલ એ ઉભો થયો છે કે તંત્ર આ ખાલી કરાવેલી જગ્યા પર આખરે કરવાનું શું છે? ડિમોલિશન પછીનો આગળનો કયો નક્કર પ્લાન મનપા પાસે છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ખાલી પડેલી જગ્યા ફરીથી દબાણ હેઠળ ન આવી જાય કે અસામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર ન બને તે માટે ત્યાં કોઈ સરકારી પ્રોજેક્ટ, બગીચો કે લોકઉપયોગી નિર્માણ થશે કે કેમ તે અંગે પ્રજા અને વિપક્ષ બંનેમાં ભારે અસ્પષ્ટતા પ્રવર્તી રહી છે.

આ મુદ્દે મનપાની સામાન્ય સભામાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. વિપક્ષ દ્વારા માત્ર જંગલેશ્વરની જમીન જ નહીં, પરંતુ તંત્રની વિવિધ શાખાઓ અને કરોડોના ખર્ચાઓ સામે પ્રશ્નાર્થ ચિહ્ન ખડા કરવામાં આવ્યા હતા. જન્મ-મરણ નોંધણી શાખા અને ટાઉન પ્લાનિંગ (ઝઙ) વિભાગની કામગીરીમાં પડતી મુશ્કેલીઓથી લઈને શહેરમાં આવેલી સ્કૂલ-કોલેજોના બાકી નીકળતા વેરાની વસૂલાત બાબતે વિપક્ષે આકરી પૂછપરછ કરી હતી. આ ઉપરાંત મહાપાલિકાના વાહનોમાં થતા ઈંધણ (ફ્યુઅલ) અને પંચર-રિપેરિંગના નામે થતા મોટા ખર્ચાઓ સામે શંકા વ્યક્ત કરીને તેનો હિસાબ માંગવામાં આવ્યો હતો. એટલું જ નહીં, શહેરમાં સફાઈ અને ડોર-ટુ-ડોર કચરો ઉપાડતી ટીપરવાન સેવાના કોન્ટ્રાક્ટરોને ચુકવાતી કરોડોની રકમ અને તેની સામે થતી કામગીરીની ગુણવત્તા પર પણ વિપક્ષે સવાલો ઉઠાવ્યા હતા.

### બોર્ડમાં કોંગ્રેસ તંત્ર પાસે સતત જવાબ માંગતી જ રહેશે

મનપાના બોર્ડમાં પ્રજાકીય પ્રશ્નો અને હિસાબો મુદ્દે શાસક પક્ષને ઘેરતા કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે, ''જંગલેશ્વરમાં ખાલી કરાવેલી જગ્યાનો માસ્ટર પ્લાન હોય કે તંત્ર દ્વારા કરવામાં આવતા ખર્ચાઓ હોય, બોર્ડમાં કોંગ્રેસ તંત્ર પાસે સતત જવાબ માંગતી જ રહેશે.'' ડિમોલિશન પછી જો ખાલી થયેલી જમીનનો યોગ્ય અને સત્વરે ઉપયોગ નહીં થાય તો તંત્રની કામગીરી પર ફરી પ્રશ્નાર્થ ઉભા થશે.

# સવા મહિનાના વિરામ બાદ સૌરાષ્ટ્ર ફરી મેઘ મહેર?

## રાજ્યમાં વરસાદનો નવો અને મજબૂત રાઉન્ડ શરૂ થવાની આગાહી



રાજકોટ, તા.૧૨

સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં છેલ્લા સવા મહિનાથી મેઘરાજાએ ખેંચાણ રાખીને વિરામ લીધો હતો, પરંતુ હવે બળબળતા તાપ અને ચિંતા વચ્ચે રાહતના મોટા સમાચાર આવ્યા છે. આજ થીજ રાજ્યમાં વરસાદનો નવો અને મજબૂત રાઉન્ડ શરૂ થવા જઈ રહ્યો છે. આ રાઉન્ડ દરમિયાન ૧૭ સપ્ટેમ્બર સુધીમાં અલગ-અલગ વિસ્તારોમાં દોઢથી છ ઇંચ કે તેથી વધુ વરસાદ પડે તેવી પૂરેપૂરી શક્યતા છે, જે સુકાઈ રહેલા પાક માટે સંજીવની સમાન સાબિત થશે.

વરસાદી સિસ્ટમ પાછળના મુખ્ય હવામાન પરિબળો વિશે વિગતવાર વાત કરતા અશોકભાઈ પટેલે જણાવ્યું કે, દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે સર્જાયેલું લો-પ્રેશર હાલ છત્તીસગઢ અને તેની આસપાસના વિસ્તારોમાં કેન્દ્રીત થયું છે. આ સિસ્ટમ સાથે સંકળાયેલું ચક્રવાતી પરિભ્રમણ સમુદ્ર સપાટીથી ૯.૪ કિલોમીટરની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે અને તે દક્ષિણ-પશ્ચિમ તરફ ઝૂકેલું છે. આ સિસ્ટમ આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ છત્તીસગઢ અને વિદર્ભ થઈ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધીને મહારાષ્ટ્ર તથા મધ્ય પ્રદેશના સરહદી વિસ્તારો તરફ પહોંચશે, જેના કારણે ગુજરાતમાં વરસાદ માટે સાનુકૂળ વાતાવરણ તૈયાર થઈ રહ્યું છે.

આ ઉપરાંત, સમુદ્ર સપાટી પરનો મોન્સૂન ટ્રફ પણ હવે પોતાની સામાન્ય સ્થિતિમાં આવી ગયો છે. હાલમાં આ ટ્રફ જૈસલમેર, કોટા, ભોપાલ અને નાગપુર થઈને મધ્ય-પૂર્વ બંગાળની ખાડી સુધી વિસ્તરેલો છે. આગામી એક-બે દિવસમાં આ ટ્રફ વધુ દક્ષિણ તરફ ખસશે, જેથી ચોમાસુ વધુ સક્રિય બનશે. સાથે જ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ પરથી પસાર થતો ૩.૧ કિમી ઊંચાઈનો ટ્રફ પણ મોન્સૂન ટ્રફ સાથે ભળી ગયો છે. બીજી તરફ, ઉત્તર પાકિસ્તાન અને જમ્મુ વિસ્તાર પર ૩.૧થી ૪.૫ કિમીની ઊંચાઈએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સ્થિત છે અને મિડ-એટમોસ્ફિયરમાં ૫.૮ કિમીની ઊંચાઈએ ઉપલો ટ્રફ સક્રિય છે, જે તમામ પરિબળો ભેગા મળીને રાજ્યમાં મેઘમહેર લાવશે.

વરસાદના વ્યાપ અને પ્રમાણ અંગે આગાહી કરતા તેમણે ઉમેર્યું કે, ૧૨થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાત રિજિયન તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં છૂટાછવાયાથી લઈને વ્યાપક પ્રમાણમાં વરસાદી માહોલ રહેશે. બંને પ્રદેશોના ૫૦% વિસ્તારમાં ૩૫થી ૫૦ મીમી (દોઢથી બે ઇંચ) અને બાકીના ૫૦% વિસ્તારમાં ૫૦થી ૭૫ મીમી (બેથી ત્રણ ઇંચ) કુલ વરસાદ થવાની શક્યતા છે. આ સિવાય સ્થાનિક સિસ્ટમ સક્રિય થવાના કારણે કેટલાક ચોક્કસ સ્થળોએ ૧૫૦ મીમી (૬ ઇંચ) કરતાં પણ વધુ ભારે વરસાદ ખાબકી શકે છે.

**વિકાસની રફતાર કે જગતના તાતનો હાહાકાર?**

# રીબડા-હીરાસર બાયપાસ માટે જમીન સંપાદનનો ધમધમાટ શરૂ

## વિનાશના મૂલ્યે વિકાસ? ૨૪ ગામોની ૧૮ હજાર એકર જમીન પર કપાતની તલવાર

રાજકોટ, તા. ૧૨

રાજકોટ નજીક રીબડાથી હીરાસરને જોડતા ૩૬ કિલોમીટર લાંબા 'સિક્સલેન ગ્રીનફિલ્ડ બાયપાસ' માટે વહીવટી તંત્રએ કમર કસી લીધી છે. ચાલુ મહિનાના અંતથી જ જમીન સંપાદનની કાર્યવાહીનો સત્તાવાર પ્રારંભ થવા જઈ રહ્યો છે. એક તરફ રાજકોટને ટ્રાફિકમુક્ત કરવાનો અને ગોંડલ-અમદાવાદ હાઇવેને સીધો જોડવાનો આ માસ્ટર પ્લાન છે, તો બીજી તરફ ગઢકા, ઢાંઢણી, સાઇપર, અરડોઇ અને રફાળા સહિતના ૨૪ ગામોના ખેડૂતોના માથે ૧૮,૦૦૦ એકર ફળદ્રુપ ખેતીલાયક જમીન ગુમાવવાનું જોખમ તોળાઈ રહ્યું છે. અગાઉ પોતાની મહામૂલી જમીન કપાતમાં જતી જોઈને ખેડૂતોએ જંગી વિરોધ નોંધાવી કલેક્ટર કચેરી ગજવી હતી અને યોગ્ય વળતરની માંગ સાથે આવેદનપત્રો પણ આપ્યા હતા. હવે જમીન સંપાદન અધિકારી (પ્રાંત અધિકારી) દ્વારા માત્ર એક જ મહિનામાં ખેડૂતોના નિવેદનો અને રજૂઆતો સાંભળવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર છે. મોટો સવાલ એ છે કે શું આ સુનાવણી માત્ર વહીવટી ઔપચારિકતા બની રહેશે કે પછી ખેડૂતોને તેમની પરસેવાની કમાણીનું યોગ્ય વળતર અપાશે?

સરકારના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને પગલે હાલ રાજકોટ તાલુકાના ૧૬ (રામપરા બેટી, કુચીયાદડ, કસ્તુરબાધામ, અણીયાળા વગેરે), કોટડાસાંગાણીના ૫ (પીપલાણા, નારણકા, રાજપરા વગેરે) અને ગોંડલ તાલુકાના ૩ (પીપળીયા સહિત) ગામોમાં ખેડૂતો અને જમીન માલિકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. તંત્ર દ્વારા આ વિસ્તારોમાં બિનખેતીની પ્રક્રિયા રાતોરાત સ્થગિત કરી દેવામાં આવી છે, જેના કારણે સ્થાનિક સ્તરે જમીનોના વહીવટ અટવાયા છે. આ ૩૬ કિ.મી.નો સિક્સલેન બાયપાસ સાકાર થતાં વાહનચાલકો ગોંડલ હાઈવેથી રાજકોટ શહેરમાં પ્રવેશ્યા વિના સીધા જ અમદાવાદ હાઇવે પર પહોંચી જશે. સમય અને ઇંધણ બચશે, સુવિધા વધશે. પરંતુ, કોંક્રીટના આ વિકાસ અને વાહનોની સ્પીડ વધારવા માટે જગતના તાતે પોતાની પેઢીઓની જમીનનું બલિદાન આપવું પડશે.

જોકે, આ માર્ગ સુવિધાની પાછળ સ્થાનિક જગતના તાતનો મોટો બલિદાનનો સૂર ઉઠ્યો છે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં રાજકોટ જિલ્લાના ૩ તાલુકાના ૨૪ ગામોના અનેક ખેડૂતોની અંદાજે ૧૮ હજાર એકર જેટલી મહામૂલી અને ફળદ્રુપ ખેતીની જમીન કપાતમાં જઈ રહી છે. જમીન ગુમાવવાના ડરે અગાઉ જ આ ૨૪ ગામોના ખેડૂતો દ્વારા આ પ્રોજેક્ટ સામે જબ્બર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ખેડૂતોએ પોતાની રોજીરોટી અને જમીન બચાવવા માટે તેમજ જમીન કપાતમાં જાય તો તેના બદલામાં વર્તમાન બજારભાવ મુજબ યોગ્ય વળતર મળે તેવા મુદ્દે જિલ્લા કલેક્ટર તંત્રને આવેદનપત્ર સુપ્રત કરીને ઉગ્ર રજૂઆતો પણ કરી હતી.

